Monday 12, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૩૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## પારડીમાં વિદ્યાર્થીની સાથે દુર્વ્યવહાર પ્રકરણમાં આચાર્યની ધરપકડ



### યુપીએસસી પાસ કરાવવાની લાલચે વિદ્યાર્થીનીનું શોષણ કરતાં આચાર્ય રંગે હાથ ઝડપાતાં ફીટકાર અને ચકચાર મચી હતી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧ :** પારડી વિસ્તારમાં આવેલી એક શાળામાં આચાર્ય દ્વારા શાળાની વિદ્યાર્થીની સાથે છેડછાડ કે અડપલાંનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. આ બાબતે વિદ્યાર્થીનીના પિતાએ જિલ્લા પોલીસવડા સુધી રજુઆત કરતાં પોલીસતંત્રએ ત્વરીત અને કડક પગલાં લઈ આરોપી આચાર્યની ધરપકડ કરી હોવાનું જાણવા મળે છે.

આ સમગ્ર મામલે પ્રાપ્ત માહિતી મુજબ ઓરવાડના રહીશ ૪૨ વર્ષિય આચાર્યએ સગીરવયની વિદ્યાર્થીનીને યુપીએસસી પરીક્ષા પાસ કરાવવાની લાલચે એસ્કટ્રા કલાસના બહાને અડપલાં અને દુર્વ્યવહાર કરવાની વિદ્યાર્થીનીની ફરિયાદ બાબતમાં જાતતપાસ કરી આચાર્યને રંગેહાથ ઝડપી લીધો હતો. આ બાબત પ્રકાશમાં આવતાં પારડી પંથકમાં ચકચાર મચી ગઈ હતી અને શિક્ષણના મંદિરમાં ખુદ સર્વોચ્ચ સ્થાને વહીવટ સંભાળતાં આચાર્ય પોતે જ 'વાડ થઈને ચીભડાં ગળે' એવું વર્તન કરતાં જણાતાં ચોતરફ ફીટકારની લાગણી ફેલાઈ ગઈ હતી. આ બાબતે વિદ્યાર્થીનીના પિતા દ્વારા સંબંધીતો અને પોલીસમાં ઉચ્ચ સ્થાને રજુઆત બાદ આજે પારડી પોલીસે પ્રિન્સિપલ સામે કાયદેસરનો ગુનો દાખલ કરી એની ધરપકડ કરી છે અને જેલના સળિયા પાસે ધકેલી દીધો હોવાનું જાણવા મળે છે. મળતી માહિતી મુજબ પારડી શહેરમાં ચાલતી શાળાના આ આચાર્ય વિદ્યાર્થીનીને એકસ્ટ્રા કલાસના બહાને રોકી શાળાની લેબોરેટરીમાં દરવાજો બંધ કરી અડપલાં કરતાં ઝડપાયા હતાં. જેમાં સગીરા સાથે બળજબરીપૂર્વક દુર્વ્યવહાર આચરી શોષણ કરતાં હોવાની દીકરીના બદલાયેલા માનસિક વર્તનથી વાલીને શંકા ગઈ હતી તેથી શાળા છૂટ્યા બાદ પણ દીકરી ઘરે ન પહોંચતા પિતા જાતે તપાસ કરવા પહોંચ્યા હતા. જ્યાં શાળાનો એક ઓરડો અંદરથી બંધ મળતા પિતાએ દરવાજો ખોલવતા દીકરી ડરી ગયેલી અને ડઘાયેલી હાલતમાં મળી આવી હતી. તેથી બાળકીને સાંત્વના આપી પૂછપરછ કરતા સમગ્ર ઘટના બહાર આવી હતી. જેના પગલે આચાર્ય ફરાર થઈ ગયા હતાં. છેવટે વિદ્યાર્થીની ના પિતાની પારડી પોલીસ મથકમાં ફરિયાદના આધારે પારડી પોલીસે કિશોર ચુડાસમા સામે ગુનો દાખલ કર્યો હતો અને ભારતીય ન્યાય સહિતા તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમો મુજબ ગુનો દાખલ કર્યો કરી વધુ તપાસ પારડીના પોલીસ ઈન્સ્પેક્ટર વાય. બી. ગોહિલે હાથ ધરી છે.

## વાપી જે-ટાઈપ બ્રિજ ઉપર કામ પૂર્ણ, રોડ ખુલ્લો મૂકાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપીમાં જે ટાઈપ રેલ્વે ઓવર બ્રિજના કામ અર્થે સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં બે વખત મેગા બ્લોક આ દરમિયાન રેલ્વે ટ્રેક ઉપર ૨૨ મીટરના સ્પેનનું અધૂરું કામ ૧૧ ઓક્ટોબર રવિવારે સવારે જે ટાઈપ રોડ વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ગત સપ્ટેમ્બર મહિનામાં આ રોડ ૭ દિવસ સુધી બંધ રાખવામાં આવ્યો હતો જે દરમિયાન રેલ્વે લાઈન પર ગર્ડર ઊભા કરવાનું ૫૦ ટકા કામ પૂર્ણ કર્યું હતું, જે બાદ ગત ૭ ઓક્ટોબરથી ૧૦ ઓક્ટોબર સુધી મેગા બ્લોક મંજૂર થતાં આ દરમિયાન ફરી જે ટાઈપ મોટા નાળાથી જીઆઈડીસી જે ટાઈપને જોડતો આ રોડ ૭ દિન બંધ કરી બાકી રહેલ સ્પામ બેસાડવાનું કામ ગઈ કાલે રાત્રે પૂર્ણ કરી દેવામાં આવતા આજે રવિવારે સવારે પહેલા નોરતે જે ટાઈપ રોડ વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે.

**ભરતી કરવાની છે**

**વાપી - છરવાડા ખાતે આવેલ ભારતી બા વિલા રીસોર્ટ માટે નીચે મુજબની ભરતી કરવાની છે.**

(૧) ડ્રાઈવર - ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવી
(૨) મેઈન્ટેનન્સ ફીટર - સુપરવાઈઝર
(3) લાઇઝનીંગ વર્ક કરે એવો માણસ જોઈએ છે
(૪) સારા શસકત વોચમેનોની ભરતી છે

Contact - 9879463248/8140977999




## નવસારીના વાંસીમાં ૧,૧૪૨ એકરમાં કાપડ નગરી બનશે

### 'ફાર્મથી ફેશન' સુધીની આખી સાંકળ ઉભી કરાશે : ૧,૮૦૯ ઉદ્યોગોએ ૩,૬૦૧ એકરથી વધુ જમીનની માંગ કરી : રૂ.૧ લાખ કરોડ સુધીના સંભવિત રોકાણ અને આશરે રૂા. ૩ લાખ રોજગારનું લક્ષ્ય

(કમલ શાહ દ્વારા)

**અમદાવાદ, તા. ૧૧ :** સુરતના કાપડ ઉદ્યોગને હવે દક્ષિણ ગુજરાતમાં જ એક નવો ઔદ્યોગિક આધાર મળવાની દિશામાં મોટું પગલું ભરાયું છે. કેન્દ્ર સરકારની પીએમ મિત્ર યોજના હેઠળ ગુજરાત સરકારે નવસારી જિલ્લાના વાંસી ખાતે ૧,૧૪૨ એકરમાં મેગા સંકલિત કાપડ અને વસ્ત્ર ઉદ્યોગ પાર્ક વિકસાવવાની યોજના આગળ ધપાવી છે. આ પાર્કમાં માત્ર કાપડ બનાવવાના કારખાનાઓનો સમૂહ નહીં પરંતુ કપાસથી લઈને કાપડ, પ્રક્રિયા, તૈયાર વસ્ત્રો અને વિદેશી બજાર સુધીની સમગ્ર ઉત્પાદન સાંકળને એક જ પરિસરમાં જોડવાનો પ્રયાસ કરાયો છે. આ અંગેનો એક ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ-DPR તૈયાર કરાયો છે. જે મુજબ આ પાર્કમાં અંદાજે રૂ. ૨,૭૪૪.૭૭ કરોડનું સામાન્ય માળખાકીય વિકાસ ઊભું કરવાનું આયોજન છે. જ્યારે પાર્કમાં ઉદ્યોગો તરફથી આશરે રૂ.૧ લાખ કરોડ સુધીનું રોકાણ આકર્ષાવાની ધારણા વ્યક્ત કરવામાં આવી છે. જેમાં સીધી અને પરોક્ષ રીતે આશરે ૩ લાખ રોજગાર સર્જાવાની અપેક્ષા રાખવામાં આવી છે.

વાંસીના પાર્ક માટે કરવામાં આવેલા માંગ સર્વેમાં પ્રોજેક્ટની સંભવિત માંગનો મોટો ચિત્ર સામે આવ્યું છે. કુલ ૧,૮૦૯ એકમોએ ૩,૬૦૧.૮૬ એકર જમીનની માંગ વ્યક્ત કરી છે.

તેની સામે પાર્ક માટે ઉપલબ્ધ કુલ જમીન ૧,૧૪૨ એકર છે એટલે કે, ઉદ્યોગો તરફથી વ્યક્ત થયેલી જમીનની માંગ ઉપલબ્ધ જમીન કરતાં છ ગણાથી પણ વધુ ઔદ્યોગિક વિસ્તારની જરૂરિયાત દર્શાવે છે. આ માગમાં સૌથી મોટો હિસ્સો વણાટ ક્ષેત્રનો છે. ૭૭૭ એકમોએ ૧,૦૦૬.૩૬ એકર જમીનની માંગ કરી છે. પ્રક્રિયા ક્ષેત્રના ૨૬૫ એકમોએ ૯૪૫.૬૧ એકર, અન્ય કાપડ સંબંધિત ક્ષેત્રોના ૧૮૨ એકમોએ ૫૫૫.૫૮ એકર, તકનીકી કાપડ ક્ષેત્રના ૯૧ એકમોએ ૨૬૬.૩૨ એકર અને તૈયાર વસ્ત્રોના ૧૭૪ એકમોએ ૨૮૪.૮૨ એકર જમીનની માંગ કરી છે. આ ઉપરાંત કાતણ, ગિનિંગ, ગૂંથણ અને કાપડ મશીનરી ક્ષેત્રમાંથી પણ નોંધપાત્ર માંગ નોંધાઈ છે.

આ પાર્કનું સૌથી મોટું પ્રારંભિક રોકાણ સામાન્ય માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં થવાનું છે. ડીઆરપી મુજબ કુલ વિકાસ ખર્ચ રૂ. ૨,૭૪૪.૭૭ કરોડ અંદાજવામાં આવ્યો છે. તેમાં આશરે રૂ. ૨,૪૩૦.૯૨ કરોડનો વિકાસ ખર્ચ, રૂ. ૨૮૯.૫૪ કરોડના અન્ય ખર્ચ અને રૂ.૨૪.૩૧ કરોડની આકસ્મિક જોગવાઈનો સમાવેશ થાય છે. આ નાણાકીય માળખામાં પીએમ મિત્ર અનુદાન તરીકે રૂ.૫૦૦ કરોડ અને માસ્ટર ડેવલપર તરફથી રૂ. ૨,૨૪૪.૭૭ કરોડનો હિસ્સો દર્શાવવામાં આવ્યો છે. અહીં નોંધવું જરૂરી છે કે આ રૂ. ૨,૭૪૪.૭૭ કરોડનો આંકડો પાર્કના સામાન્ય માળખાકીય વિકાસ માટે છે. પાર્કમાં સ્થપાનારા ખાનગી અને અન્ય ઔદ્યોગિક એકમોનું કુલ રોકાણ આથી અલગ છે. ડીઆરપીમાં આવા ઉદ્યોગો મારફતે આશરે રૂ.૧ લાખ કરોડ સુધીનું રોકાણ આકર્ષાવાની ધારણા વ્યક્ત કરવામાં આવી છે.

DPR માં પાંચ તબક્કાને આધાર બનાવી કાપડ ઉદ્યોગની સંપૂર્ણ મૂલ્ય સાંકળ એક જ સ્થળે ઊભી કરવાની કલ્પના કરવામાં આવી છે. જીનિંગ, કાતણ, વણાટ, ગૂંથણ, રંગાઈ -પ્રક્રિયા, તૈયાર વસ્ત્રો સહિતના વિવિધ ક્ષેત્રોને એક જ ઔદ્યોગિક પરિસરમાં સ્થાન મળે તેવી યોજના છે. તેના કારણે એક ઉદ્યોગમાંથી બીજા ઉદ્યોગ સુધી કાચો માલ અને તૈયાર માલ પહોંચાડવાની પ્રક્રિયા વધુ સરળ બની શકે છે. વાંસી પાર્ક માટે ડીઆરપીમાં કાકરાપાર સ્ત્રોતમાંથી આશરે ૯૮ કિલોમીટર લાંબી પાણી પુરવઠા વ્યવસ્થા વિકસાવવાની યોજના દર્શાવવામાં આવી છે. આશરે ૬૫ મિલિયન લિટર પ્રતિ દિવસની ક્ષમતા સાથે આગળ વધારવાની કામગીરીનો ઉલ્લેખ પણ છે.

ડીઆરપી મુજબ હાલમાં સ્થળ પર આશરે ૬૫ મેગાવોટની વીજ વ્યવસ્થા ઉપલબ્ધ હોવાનું દર્શાવવામાં આવ્યું છે. ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બે ૬૬ કિલોવોલ્ટ અને એક ૨૨૦ કિલોવોલ્ટ વીજ ઉપકેન્દ્ર માટે જમીન અનામત રાખવામાં આવી છે અને કુલ આશરે ૩૪૦ મેગાવોટ ક્ષમતાનું વીજ માળખું આયોજનમાં દર્શાવવામાં આવ્યું છે.







## દિલ્હી જેએનયુ પ્રકરણે દમણમાં પ્રદર્શન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૧ :** જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU)માં મહિલા વિદ્યાર્થિનીઓ સાથે કથિત યૌન દુર્વ્યવહારના મામલાને લઈને મણિપુરના કોંગ્રેસના સાંસદ ડૉ. અંગોમચા બિમોલ અકોઈજામ સામે ભારતીય જનતા પાર્ટી, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રદેશ દ્વારા દમણમાં વિરોધ પ્રદર્શન અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપના પ્રદેશ પ્રમુખ મહેશ અગરિયાના નેતૃત્વમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં મહિલા અને પુરુષ કાર્યકરોએ ભાગ લીધો હતો. ભાજપ કાર્યાલયથી શરૂ થયેલી રેલી બસ સ્ટેન્ડ સુધી કાઢવામાં આવી હતી. આ દરમિયાન કાર્યકરોએ સમગ્ર મામલે વિરોધ વ્યક્ત કરી પોતાની નારાજગી દર્શાવી હતી. ભાજપ દ્વારા આ મામલે વિરોધ નોંધાવી કથિત યૌન દુર્વ્યવહારના મુદ્દે જવાબદારી નક્કી કરવાની માંગ સાથે પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપના સ્થાનિક પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



### વીઆઈએ દ્વારા દ્વિદિવસીય ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને એર પોલ્યુશન મોનિટરીંગ સેમિનાર યોજાયો

# વાપીના ઉદ્યોગોએ હંમેશા દેશને ઉત્તમ સંદેશ આપ્યો છે : કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા

**વરિષ્ઠ ઉદ્યોગકાર પદ્મભૂષણ રજજુભાઈ શ્રોફે વાપીના ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપવા બદલ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો**

**વાપીના ઉદ્યોગોએ દેશભરના નાગરિકોને રોજગારી પૂરી પાડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે : અર્જૂન મોઢવાડિયા**







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ઔદ્યોગિક સુરક્ષા અંગે જાગૃતિ લાવવા તેમજ વાયુ પ્રદૂષણના મોનિટરિંગ દ્વારા ઔદ્યોગિક વિસ્તારો અને તેની આસપાસના પર્યાવરણની ગુણવત્તા સુધારવાના હેતુથી બે દિવસીય ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને એર પોલ્યુશન મોનિટરિંગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાપી જીઆઈડીસીના કનુભાઈ દેસાઈ વીઆઈએ ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ સેમિનારમાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા અને ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં ઉદ્યોગોના વિકાસની સાથે પર્યાવરણની સુરક્ષા અને ટકાઉ ઔદ્યોગિક વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેમિનારમાં માર્ગદર્શન આપતાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક વિકાસ માટે સસ્ટેનેબિલિટી એટલે કે ટકાઉપણું અત્યંત જરૂરી છે. વાપીના ઉદ્યોગોએ હંમેશા દેશને ઉત્તમ સંદેશ આપ્યો છે. ભારત સરકારની નીતિઓ ખેડૂતલક્ષી અને ગરીબલક્ષી હોવાની સાથે ઉદ્યોગોને પ્રોત્સાહન આપનારી પણ છે. સરકારે જીએસટીનું માળખું સરળ બનાવ્યું છે.

અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલવે તથા હાઈવેના નિર્માણની કામગીરીમાં નોંધપાત્ર વેગ આપ્યો છે. તેમણે ઉદ્યોગકારોને આર્થિક પ્રગતિની સાથે પર્યાવરણની જાળવણીને પણ પ્રાથમિકતા આપવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગુજરાત સરકારના નાણામંત્રી અને સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧ના ભૂકંપ બાદ ગુજરાતે માળખાગત સુવિધાઓ તથા શાંતિ અને સલામતીના ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. જ્યોતિગ્રામ યોજના, વાઈબ્રન્ટ ગુજરાત અને સોલાર પોલિસી જેવી પહેલ દ્વારા ગુજરાતે દેશને વિકાસની નવી દિશા બતાવી છે.વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, વાપી ગ્રામ પંચાયતમાંથી મહાનગરપાલિકા સુધીની સફર ખેડી ચૂક્યું છે અને અહીંના ઉદ્યોગોએ દેશભરના નાગરિકોને રોજગારી પૂરી પાડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

તેમણે વિકાસના માર્ગમાં અડચણરૂપ બનતા અને વિદેશી ફંડિંગ મેળવતા અરાજકતાવાદી તત્ત્વો અંગે સાવચેત રહેવાની વાત પણ કરી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વૈશ્વિક વેપારમાં ગ્રીન પ્રોડક્ટ્સ અને રિસાયક્લિંગ આધારિત અર્થતંત્રનું મહત્ત્વ આગામી સમયમાં વધવાનું છે.

તેથી ઉદ્યોગોએ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અત્યારથી જ પર્યાવરણને અનુકૂળ ઉત્પાદન અને રિસાયક્લિંગની દિશામાં કામગીરી શરૂ કરવી પડશે.

સેમિનારમાં પદ્મભૂષણ રજજુ ભાઈ શ્રોફે વાપીના ઔદ્યોગિક ઈતિહાસ અને વિકાસ સાથે જોડાયેલી સ્મૃતિઓ વાગોળી હતી. તેમણે વાપીના ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપવા બદલ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

સેમિનારના બીજા દિવસે પણ વાપીના જાણીતા ઉદ્યોગપતિઓ, રોટરીના અગ્રણી ભરતભાઈ પટેલ તથા વીઆઈએના હોદ્દેદારોએ ઉપસ્થિત ઉદ્યોગકારોને ઔદ્યોગિક સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ અને ભવિષ્યના ઔદ્યોગિક વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ સતીશભાઈ પટેલ, સેક્રેટરી કલ્પેશભાઈ વોરા, સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ કૌશિકભાઈ પટેલ, વાપી-સરીગામના અગ્રણી ઉદ્યોગપતિ અને એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ શિરીષભાઈ દેસાઈ, વીઆઈએના સલાહકાર યોગેશ કાબરિયા વાપી જીપીસીબી ના મુખ્ય અધિકારી એ જી પટેલ તેમજ સરીગામ ના ભદ્રેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં વાપીસરી ગામ અને વલસાડના ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.

**કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને રાજયના કેબિનેટ કક્ષાના નાણામંત્રી કનુભાઈ દેસાઈ તથા રાજયના વન અને પર્યાવરણ મંત્રી અજૂનભાઈ મોઢવાડિયાની વિશેષ ઉપસ્થિતિમાં વીઆઈએના ઓડિટોરિયમમાં ભરચક કાર્યક્રમો યોજાયા**

### વન પર્યાવરણ મંત્રીએ વાપી સી.ઈ.ટી.પી.ની મુલાકાત સાથે ઉદ્યોગકારો સાથે બેઠક યોજી : આધુનિક સુવિધાસભર એ.સી. સ્મશાનભૂમિની મુલાકાત

# ઉદ્યોગો સોલાર ઊર્જા અપનાવે : અજૂન મોઢવાડિયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** રાજ્યના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ રવિવારે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સીઈટીપી પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ એસોસિએશનના સભ્યો સાથે બેઠક કરી હતી. આ પ્રસંગે મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા એ જણાવ્યું કે, ઔદ્યોગિક રીતે વાપી અને ઉમરગામ વિકસિત થયું તેમાં ઉદ્યોગપતિઓનો મોટો ફાળો છે. ગુજરાત અને દેશના જીડીપી ગ્રોથમાં પણ ઉદ્યોગો મહત્વનો ફાળો આપી રહ્યા છે. એક યુનિટમાં ૧૫ હજાર માણસો કામ કરતા હોવાનું જાણી આનંદ થયો છે. ઉદ્યોગકારોના જે પણ પ્રશ્ન હોય તેનો ઉકેલ લાવી ટકાઉ વિકાસ સાથે આગળ વધીશું. તેમણે વધુમાં જણાવ્યું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ (Ease of Doing Business) એટલે કે, ધંધો- ઉદ્યોગ શરૂ કરવો અને ચલાવવો સરળ બને તેવી વ્યવસ્થા ગોઠવવા માટે ઘણા સુધારા કર્યા છે. વધુમાં મંત્રી અર્જુનભાઈએ ક્લાઈમેટ ચેન્જ અંગે ઉદ્યોગપતિઓને સોલાર રિવેલ્યુએશનમાં આગળ આવવા હાકલ કરી હતી.

**નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ મુલાકાત દરમ્યાન વાપીના ઔદ્યોગિક વિકાસની ભૂમિકા સમજાવી**

નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ વાપીના ઔદ્યોગિક વિકાસનો પાયો કેવી રીતે નંખાયો તે અંગે મંત્રી અર્જુનભાઈને પુષ્ઠભૂમિકા આપી વાપીના સી.ઈ.ટી.પી. પ્લાન્ટની સૂક્ષ્મ માહિતી આપી હતી. આ સિવાય નાણાં મંત્રી કનુભાઈએ વાપીની આધુનિક સાધનોથી સજ્જ એ.સી. સ્મશાન ભૂમિની મુલાકાત કરાવી હતી. આ મુલાકાત વેળા વાપી વીઆઈએ ના પ્રમુખ સતિષભાઈ પટેલ, સેક્રેટરી કલ્પેશ વોરા, વાપી વીઆઈએ એડવાઈઝરી કમિટીના મેમ્બર યોગેશભાઈ કાબરીયા, નોટિફાઈડ ચેરમેન મગનભાઈ સાવલિયા સહિત મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ નંદાવલા ગામેથી ૧.૦૩ લાખનો દારૂ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ એલસીબી ની ટીમ પેટ્રોલિંગમાં ફરતી વખતે મળેલી બાતમી આધારે વલસાડના નંદાવલા ગામે હાઈવે પર વોચ ગોઠવતા દારૂ ભરેલી કારને અટકાવા નો ઈશારો કરતા કારચાલક ઉતરી ભાગી ગયો છે કે કાર માંથી પોલીસને ૧.૦૨ લાખનો દારૂ મળી આવ્યો હતો . વલસાડ એલસીબી ની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે, વલસાડ તાલુકાના નંદાવલા ગામ પાસે આવેલી મહાદેવ હોટલ સામે મુંબઈથી અમદાવાદ તરફ જતા નેશનલ હાઈવે નંબર-૪૮ પર વોચ ગોઠવી ઉભા રહ્યા તે દરમિયાન બલેનો કાર નં. GJ-15-CS-2265 ની અંદર તપાસ કરતા દારૂની બાટલી નંગ ૧૭૪ કિંમત રૂપિયા ૧,૦૩,૦૦૦ કારની કિંમત ૭ લાખ મળી કુલ ૮,૦૩,૮૦૦ રૂપિયાનો મુદ્દા માલ ઝડપી પાડ્યો છે. કારમાંથી ઉતરે ભાગી ગયેલા કાર ચાલકને પોલીસે વોન્ટેડ જાહેર કર્યું છે જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

# બીલીમોરા પોલીસ સ્ટેશનની અનોખી પહેલ : ખાખી વર્દી પરિવાર સાથે ગરબે ઘૂમશે




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૧ :** કોઈપણ તહેવાર કે પર્વ હોય ત્યારે સામાન્ય નાગરિકોની સુરક્ષા અને સલામતી સુનિ?િત કરવા પોલીસ જવાનો ખડેપગે ફરજ બજાવતા હોય છે. તહેવારો દરમિયાન પોલીસના શિરે સતત વધતી જવાબદારીઓને કારણે તેમના પરિવારજનો ઘણીવાર ઉત્સવના આનંદ અને ઉલ્લાસથી વંચિત રહી જતા હોય છે. આ બાબતને ધ્યાને રાખી નવસારી જિલ્લાના બીલીમોરા પોલીસ સ્ટેશન પરિસરમાં ઈતિહાસમાં સૌપ્રથમવાર સંવેદનશીલ અને શાનદાર પહેલ હાથ ધરાઈ છે. બીલીમોરા પી.આઈ. અશ્વિન સરવૈયા અને તેમની ટીમ દ્વારા પોલીસ સ્ટેશનની લગોલગ આવેલા સ્ટાફ ક્વાર્ટર્સના વિશાળ મેદાન પર પોલીસ જવાનો તેમજ તેમના પરિવારો માટે ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી ફરજ બજાવતા જવાન અને તેમનો પરિવાર પણ ઉત્સવનો ભરપૂર આનંદ માણી શકે.

નવરાત્રી મહોત્સવને કારણે સમગ્ર ક્વાર્ટર્સ પરિસર ઝળહળતી રંગબેરંગી લાઈટો અને સુશોભનથી રોશન થઈ ઉઠ્યું છે. આ મહોત્સવને યાદગાર અને ભવ્ય બનાવવા માટે હેડ કોન્સ્ટેબલ સુરેશભાઈ દેસાઈ અને તેમની ટીમ દ્વારા રાત-દિવસ અથાક જહેમત ઉઠાવવામાં આવી છે. ખાખીના આ ઉત્સવમાં લોકભાગીદારી પણ જોડાય તેવા ઉમદા હેતુથી પોલીસ ઈન્સ્પેક્ટર અશ્વિન સરવૈયા દ્વારા બીલીમોરા શહેર તથા આસપાસના તમામ માઈભક્તોને પોલીસ પરિવારના ઉત્સવનો હિસ્સો બનવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પોલીસ પ્રશાસનની આ સરાહનીય કામગીરીને પોલીસમિત્રો અને સ્થાનિક નગરજનો દ્વારા પણ બિરદાવવામાં આવી રહી છે.

# સાદકપોર ગામે દાદીની વાતથી ખોટુ લાગતા પૌત્રીએ આપઘાત કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૧ :** ચીખલી તાલુકાના સાદકપોર ગામે રહેતી અને ધોરણ ૯ માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીએ દાદીની વાતનો ખોટું લાગી આવતા ગળે ફાંસો ખાય મોતને વ્હાલું કરતા બનાવ અંગેની ફરિયાદ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે.બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના સાદકપોર બામણીયા ફળિયા ખાતે રહેતી સંગીતાબેન જગદીશભાઈ પટેલ જેણે દાહોદ ખાતે રમેશભાઈ નાગજીભાઈ બારીયા સાથે પ્રેમ સંબંધમાં લગ્ન કરેલ હોય અને તેના થકી છોકરો અને છોકરી અવતરેલ હોય જેમાં સૌથી મોટી છોકરી રીમાબેન રમેશભાઈ બારીયા ઉ.વ. ૧૪ અને પુત્ર રોહિત કરીને રહ્યા છે જોકે પતિ રમેશ બારીયા દ્વારા પત્ની સંગીતાને માર ઝુડ કરતો હોય જેના કારણે પત્ની સંગીતા પોતાના સાસરીમાં રહેવા માટે આવી ગઈ હતી જેની સાથે પુત્રી રીમા તથા સાસુ અને ત્રીજો પતિ નરેશ અશોક છાયા કરીને સાદકપોર બામણીયા ખાતે રહેતા હતા. જેમાં પુત્રી રીમા બારીયા જે સાદકપોર હાઈસ્કુલ માં ધોરણ ૯ માં અભ્યાસ કરી રહી હતી જેણે તારીખ ૮. ૧૦. ૨૬ ના રોજ નવેક વાગ્યાના અરસામાં જણાવેલ કે સ્કૂલમાંથી પ્રવાસ જવા માટે રૂ. ૫૦૦ ભરવાના છે એમ તેની મમ્મીને જણાવેલ અને તેની મમ્મીએ ૫૦૦ ની નોટ આપતા રીમાએ છૂટા પૈસાની માંગણી કરી હતી પરંતુ તેની મમ્મીએ કહેલ કે ૫૦૦ ભરવાના છે તો છૂટા પૈસાની શું જરૂર ત્યારે સાસુ જશુ બેને જણાવેલ કે રીમા ખોટું બોલે છે ૫૦૦ થી ઓછા જ ભરવાના છે રીમા તો આપણને છેતરે છે જે વાતનું રીમાને ખોટું લાગી આવતા તેણે જણાવેલ કે આજે તો હું સ્કૂલમાં જાઉં છું પછી પાછી આવવાની જ નથી ને મરી જ જવાની છે તેમ કહેલ પરંતુ ઘરના સભ્યોએ દીકરી રીમાની વાતને મજાકમાં લીધી હતી પરંતુ ગુરુવારે સ્કૂલ માંથી મોડે સુધી રીમા ઘરે ન પહોંચતા તેના પરિવારના સભ્યોએ રીમાની શોધ ખોળ કરી હતી. છતાં પણ રિમાનો કોઈ પત્તો ન લાગતા ચીખલી પોલીસને જાણ કરવામાં આવી હતી ત્યારે પોલીસે રિમાનો ત્રાગ મેળવી અને પોલીસ કર્મચારીઓ તેમજ હોમગાર્ડ સાથે રીમાની શોધખોળ કરતા શુક્રવારે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં સાદકપોર બામણીયા ફળિયામાં હર્ષદભાઈ ઠાકોરભાઈ પટેલ ના ખેતરમાં આંબાની વાડીમાં પાળ પાસે આવેલ આંબાના ઝાડની ડાળી સાથે રીમા બારીયા એ દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ હાલતમાં મળી આવી હતી બનાવ અંગેની જાણ રીમા ની માતા સંગીતાબેન જગદીશભાઈ પટેલ ના એ ચીખલી પોલીસને કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીઆઈ પીબી પટેલિયા એ હાથ ધરી છે.

# વઘઈ-આહવા માર્ગ પર કાર નદીમાં ખાબકતા બેના મોત

**સાપુતારા, તા.૧૧ :** ડાંગ જિલ્લાના વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા વઘઈ-આહવા રાજય ધોરીમાર્ગનાં ઢાઢરા ફાટક નજીકના તીવ્ર વળાંક પાસે એક ગાંધીનગરથી બ્રેઝા કાર. ન. જી.જે.૧૮.ઈ. એ.૫૪૮૦માં સવાર થઈને ચાર મિત્રો ડાંગ જિલ્લામાં મિત્રોને મળવા માટે આવી રહ્યા હતા. કારમાં અગાઉ સુબિર ખાતે નાયબ મામલતદાર તરીકે અને હાલમાં નર્મદા કલ્પસર વિભાગ ખાતેનાં ડિપાર્ટમેન્ટમાં ડેપ્યુટી મામલતદાર તરીકે ફરજ બજાવતા સંદીપભાઈ લક્ષ્મણભાઈ ડામોર, આણંદ ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા સોનુભાઈ સોમજીભાઈ બારીયા,ડાંગનાં ગલકુંડ ખાતે પ્મ્ણ્તરીકે ફરજ બજાવતા શૈલેષકુમાર ઉર્ફે સિદ્ધાર્થ ગરાસિયાનાઓ સવાર હતા.જેઓ વઘઈ-આહવા રોડ પરથી પસાર થતી વખતે રાત્રે આશરે સાડા ચાર વાગ્યાના સુમારે વાહનચાલક સંદીપભાઈ ડામોરે અચાનક ગાડીના સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવી દેતા કાર રેલિંગ તોડીને સીધી ઊંડા ખાપરી નદીના પાણીમાં ખાબકી હતી. કારમાં સવાર સંદીપભાઈ ડામોર અને શૈલેષભાઈ ગરાસિયાનું સ્પોટ પર જ ઘટનાસ્થળે કરુણ મોત નિપજ્યું હતું. જ્યારે આ ઘટના દરમિયાન મોડી રાત્રે ધડાકાનો અવાજ સાંભળીને નજીકના ભવાડી ગામના સ્થાનિક રહીશ રમેશભાઈ ગંગારામભાઈ નિંબારે તથા અન્ય ગ્રામજનો તાત્કાલિક મદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.આ પરિસ્થિતિની ગંભીરતા જોઈ રમેશભાઈએ પોતાના જીવની પરવા કર્યા વિના મોડી રાત્રે નદીના પાણીમાં ઝંપલાવ્યું હતુ. તેમણે અથાક પ્રયાસો કરીને કારનો દરવાજો ખોલ્યો હતો અને કારમાંથી સોનુભાઈ બારીયાને સુખદ રીતે જીવતા બહાર કાઢી રેસ્ક્યૂ કર્યા હતા.ત્યારબાદ તેમણે સંદીપ ડામોર અને શૈલેષ ગરાસિયાને પણ બહાર કાઢવામાં મદદ કરી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્ત સોનુભાઈને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

# ડાંગના વનરક્ષક-વનપાલ કર્મચારીઓએ કાળા વસ્ત્રો પહેરી વિરોધ કર્યો

**સાપુતારા, તા.૧૧ :** ગુજરાત રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળના આંદોલનના ભાગરૂપે ડાંગ જિલ્લાના આહવા ખાતે વનરક્ષક-વનપાલ કર્મચારીઓની ચિંતન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં ડાંગ જિલ્લાના મોટી સંખ્યામાં વનરક્ષક અને વનપાલ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યકક્ષા અને જિલ્લાકક્ષાના લાંબા સમયથી પડતર રહેલા વિવિધ પ્રશ્નોનું નિરાકરણ લાવવાની માંગ સાથે કર્મચારીઓએ કાળા વસ્ત્રો ધારણ કરીને વિરોધ નોંધાવ્યો હતો.ચિંતન શિબિર દરમિયાન કર્મચારીઓએ ખાખી પેન્ટ સાથે કાળા શર્ટ અને ટી-શર્ટ પહેરીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. લાંબા સમયથી પડતર પ્રશ્નોનો સંતોષકારક ઉકેલ ન આવતાં કર્મચારીઓમાં અસંતોષની લાગણી જોવા મળી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૨-૧૦-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** આસો સુદ, બીજ, **સૂર્યોદય :** ૦૬ : ૩૯ **સૂર્યાસ્ત** ૦૬ : ૧૩, **ચંદ્રોદય** - ૦૭:૫૬ **ચંદ્રાસ્ત** - ૦૭:૧૦ **ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - સ્વાતિ

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમે નવું કાર્ય શરૂ કરી શકો છો. વેપારમાં વૃદ્ધિ અને અચાનક ધનલાભની સંભાવના છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે અને તમને કોઈ અટકેલા નાણાં પાછા મળી શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** આ રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. નોકરીમાં સાનુકૂળ વાતાવરણ મળશે. વિદ્યાર્થીઓ માટે સમય સારો છે. પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું અને બિનજરૂરી ખર્ચ ટાળવો.

**મિથુન (ક, ઘ, ચ) :**વેપારમાં નવી તકો મળશે. આજે કોઈ અજાણ્યા પર વિશ્વાસ ન કરવો. સામાજિક માન-સન્માન વધશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે.

**કર્ક (ડ, હ) :** આજે તમારા અટકેલા કામ પૂરા થશે. માનસિક શાંતિનો અનુભવ કરશો. નોકરી કરતા લોકો માટે પ્રગતિના રસ્તા ખુલશે. પારિવારિક જીવનમાં ખુશીઓ આવશે.

**સિંહ (મ, ટ) :** તમારી આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વેપારમાં અણધાર્યો લાભ થવાની સંભાવના છે. કાર્યસ્થળ પર તમારી જવાબદારીઓ વધી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજે તમને ધાર્યું પરિણામ મળશે. આવકના સાધનો મજબૂત બનશે. પરિવારમાં કોઈ સમસ્યાનો ઉકેલ આવી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવું.

**તુલા (ર, ત) :** વેપારમાં લાભ અને પ્રગતિની તકો મળશે. આકસ્મિક આર્થિક લાભ થવાની સંભાવના છે. વાહન કે મિલકત ખરીદીના યોગ બની રહ્યા છે.

**વૃશ્ચિક (ન, ય) :** આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદ્રુપ રહેશે. કાર્યક્ષેત્રે મહેનતનું યોગ્ય ફળ મળશે. ઉચ્ચ શિક્ષણની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સારા સમાચાર મળી શકે છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. આર્થિક રીતે તમે સુરક્ષિત રહેશો. પરિવાર સાથે સારો સમય વિતાવી શકશો. સ્વાસ્થ્ય સારું રહેશે.

**મકર (ખ, જ) :** આજે તમને ધાર્યા પરિણામો મળશે. અચાનક કોઈ સારા સમાચાર મળવાથી મન પ્રસન્ન રહેશે. નોકરીમાં પ્રશંસા મળશે. વેપારમાં સારો નફો થશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વેપારમાં જૂના ગ્રાહકોનો સહયોગ મળશે. નોકરીમાં જવાબદારીઓ વધી શકે છે. ખર્ચ વધી શકે છે, તેથી બચત પર ધ્યાન આપવું.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે મન શાંત રહેશે. આર્થિક લાભની તકો મળશે. પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે.

## દમણ રેડિયો

**102.3 FM**

आकाशवाणी

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ

નં.૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | | 5 | | | 4 | |
| | | | 9 | | 2 | | | |
| | 4 | 5 | | | | 9 | 3 | |
| 1 | 6 | | 8 | | 3 | | 7 | 5 |
| | | | 4 | | 5 | | | |
| 5 | 8 | | 6 | | 7 | | 2 | 1 |
| | 1 | 3 | | | | 8 | 5 | |
| | | | 1 | | 6 | | | |
| | 9 | | | 3 | | | 6 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે**

**જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**સુડોકુ નં.૭નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 3 | 7 | 8 | 5 | 2 | 1 | 4 | 6 |
| 1 | 6 | 5 | 9 | 7 | 4 | 8 | 3 | 2 |
| 4 | 8 | 2 | 1 | 6 | 3 | 9 | 5 | 7 |
| 8 | 5 | 4 | 2 | 3 | 1 | 7 | 6 | 9 |
| 6 | 2 | 9 | 4 | 8 | 7 | 3 | 1 | 5 |
| 3 | 7 | 1 | 5 | 9 | 6 | 2 | 8 | 4 |
| 5 | 9 | 6 | 3 | 2 | 8 | 4 | 7 | 1 |
| 2 | 4 | 3 | 7 | 1 | 5 | 6 | 9 | 8 |
| 7 | 1 | 8 | 6 | 4 | 9 | 5 | 2 | 3 |

### અમૃતલાલ ઝવેરી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ સાથે પ્રેરક અને રસપ્રદ ગોષ્ઠી

## આમધામાં એવરેસ્ટ આરોહક સાનિકા શાહનું પ્રેરક વકતવ્ય યોજાયું







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** હાલમાં નાનાપોંઢા તાલુકાના આમધા ખાતે આવેલી વીશ ફાઉન્ડેશન સંચાલિત અમૃતલાલ ઝવેરી વિદ્યાલયમાં મુંબઈના માઉન્ટ એવરેસ્ટ સર કરી આવેલા અને મોટીવેશનલ સ્પીકર, રમતવીર તથા અભિનેત્રી સાનિકા શાહ સાથે એક સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. શાનિકા શાહે વિદ્યાલયની વિદ્યાર્થીઓ સાથે પોતાનાા એવરેસ્ટ અવરોહનના વિવિધ રોમાન્ચક અનુભવોની વાત કરી હતી. અને મહિલા તરીકે આવા સાહસિક અને કઠીન સાહસોમાં પડતી અડચણો અને એને કેવી રીતે સંભાળવી એ વિશે રસપ્રદ માહિતી આપી હતી. ખાસ કરીને એવરેસ્ટ જેવી કઠીન પરિસ્થિતિમાં અને લગભગ જાહેર હોય એવા સ્થળોમાં યુવતી પર્વતારોહીઓને માસિકધર્મ સંબંધી જે મુશ્કેલીઓ આવતી હોય છે એની ચર્ચા પણ કરી હતી. આવી વ્યકિતગત આારોગ્ય સંભાળને લગતી ચર્ચા ભાગ્યે જ થતી હોય તેથી એને શાળાની વિદ્યાર્થીનીઓએ ખુબ જ જિજ્ઞાસા અને ઉત્સુકતાથી સાંભળી હતી. આ સંવાદ દરમ્યાન વિદ્યાર્થીનીઓએ એવરેસ્ટ વિજેતા સાનિકા શાહ સાથે ગોષ્ઠી પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે આ દરમ્યાના વીશ ફાઉન્ડેશન સંચાલિત શાળાના ટ્રસ્ટી, મેમ્બરો અને અગ્રણી ઉદ્યોગપતિ સતિષભાઈ ઝવેરી સહિતના અગ્રણીઓ, કેમિસિન્થ કંપનીના પદાધિકારીઓ, ઉપરાંત વાપી સ્ટાર્ટઅપ કોમ્યુનિટીના પાર્થિવભાઈ મહેતા અને અન્યો પણ ઉપસ્થિત રહ્યા હતાં. આમધા ખાતે આવેલી આ અમૃતલાલ ઝવેરી વિદ્યાલય વર્ષ ૨૦૨૩થી સ્વનિર્ભર ધોરણે અને ગુજરાતી માધ્યમમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક સામાન્ય પ્રવાહમાં જરુરતમંદ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ અને વ્યાવસાહિક તાલીમ પણ પુરી પાડે છે. ટ્રસ્ટીમંડળ આ અંતરિયાળ વિસ્તારમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અવારનવાર તજજ્ઞોને આમંત્રણ આપી એમના જ્ઞાન અને અનુભવનો લાભ વિદ્યાર્થીઓને આપતા રહે છે. ધરમપુર રાજચંદ્ર મિશન તરફથી પણ દર વર્ષે ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવે છે.

એવરેસ્ટ આરોહક મુંબઈના સાનિકા શાહને પણ એવી જ પ્રેરણા માટે આમધા આમંત્રણ આપવામા આવ્યું હતું. તેમને શાળા પરિવાર તરફથી સ્મૃતિ ભેટ પણ આપવામાં આવી હતી.

## દમણમાં 'પીએમ ઈ-વિદ્યા ડીટીએચ ટીવી ચેનલ્સ' માટે તાલીમ કાર્યશાળા સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૧ :** કેન્દ્રશાસિત -દેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના શિક્ષણ વિભાગ, જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થા (DIET), દમણ અને NCERTની કેન્દ્રીય શૈક્ષણિક પ્રૌદ્યોગિકી સંસ્થા (CIET)ના સંયુક્ત ઉપક્રમે 'પીએમ ઈ-વિદ્યા DTH ટીવી ચેનલ્સ' માટે શૈક્ષણિક ઈ-કન્ટેન્ટ તૈયાર કરવા અંગે ચાર દિવસીય તાલીમ કાર્યશાળાનું સફળતાપૂર્વક સમાપન થયું.

પથી ૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાયેલી આ કાર્યશાળામાં કેન્દ્રશાસિત પ્રદેશની વિવિધ શાળાઓના ૪૦ પસંદગીના શિક્ષકો અને પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. NCERTના વિષય નિષ્ણાતો તથા BISAG-Nના નિષ્ણાતોએ શિક્ષકોને ગુણવત્તાયુક્ત શૈક્ષણિક વીડિયો તૈયાર કરવાની તાલીમ આપી હતી.કાર્યશાળા દરમિયાન સ્ક્રિપ્ટ લેખન, વીડિયો શૂટિંગ, પ્રી-પ્રોડક્શન, પોસ્ટ-પ્રોડક્શન, વીડિયો એડિટિંગ અને 'પીએમ ઈ-વિદ્યા' મોબાઈલ એપના ઉપયોગ અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત બૌદ્ધિક સંપદા અધિકાર (IPR), કૉપિરાઇટના નિયમો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના નૈતિક ઉપયોગ અને શૈક્ષણિક વીડિયો પ્રસારણની પ્રક્રિયા અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

તાલીમ દરમિયાન શિક્ષકોએ જૂથોમાં વહેંચાઈને સ્ક્રિપ્ટ તૈયાર કરી, તેનું મૂલ્યાંકન કર્યું અને વીડિયો રેકોર્ડિંગ તથા એડિટિંગ દ્વારા શૈક્ષણિક વીડિયો બનાવવાનો પ્રાયોગિક અનુભવ મેળવ્યો હતો.૮ ઓક્ટોબરે શિક્ષા સદન, DIET દમણના કોન્ફરન્સ હોલમાં યોજાયેલા સમાપન સમારોહમાં શિક્ષકોએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. CIET-NCERTના પ્રોફેસર અમરેન્દ્ર પી. બેહેરા અને પ્રોફેસર અભય કુમારે ઓનલાઈન માધ્યમથી જોડાઈને પ્રતિભાગીઓને માર્ગદર્શન આપ્યું હતું.DIET દમણના પ્રાચાર્ય આઈ. વી. પટેલ અને વધારાના રાજ્ય પ્રોજેક્ટ નિયામક (ASPD, SS)એ શિક્ષકોને ગ્રામીણ અને દૂરદરાજના વિસ્તારોના વિદ્યાર્થીઓ સુધી ગુણવત્તાયુક્ત ડિજિટલ શિક્ષણ પહોંચાડવા પ્રેરિત કર્યા હતા.કાર્યક્રમના અંતે તમામ પ્રતિભાગીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. રાષ્ટ્રગાન સાથે કાર્યશાળાનું સમાપન થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન DIET દમણનાં પ્રવક્તા સાધના ત્રિપાઠીએ કર્યું હતું.

## પારડી લાયન્સ કલબ દ્વારા આરોગ્ય કેન્દ્રમાં ભોજન વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧ :** લાયન્સ ક્લબ ઓફ પારડી રત્ન દ્વારા સર્વ પિતૃ શ્રાદ્ધપક્ષે અને શનિ અમાવસ્ય દિને સામુહિક આરોગ્ય કેન્દ્ર, પારડી ખાતે પુણ્યનું કામ એટલે કે ભોજન વિતરણ કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લાના પારડી ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર હેમલભાઈ વી પટેલ અને ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર પ્રિયંકા જૈન રાવલ, લાયન્સ ક્લબ ઓફ પારડી રત્નના પ્રમુખ ડો વિજયભાઈ ચાંપાનેરી, ઉપપ્રમુખ રાજેશભાઈ પરમાર, સભ્ય યુસુફભાઈ બેડાવાલા, તીર્થંકર મહાવીર અન્ન સેવા ફાઉન્ડેશનના ચેરમેન જે આર શાહ ડોક્ટર સરિતાબેન ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન હેમલભાઈ પટેલે ઘ્ણ્દ સેન્ટર પર ચાલતી આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

આ પ્રસંગે લાયન્સ ક્લબ ઓફ પારડી રત્નના પ્રમુખ ડો વિજયભાઈ એ સર્વ પિતૃપક્ષ શ્રાદ્ધના પવિત્ર દિવસ નિમિત્તે તમામ ઉદાર મનના દાનદાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.આ સેવાકાર્ય અંતર્ગત લાયન્સ ક્લબ ઓફ પારડી રત્ન દ્વારા પારડી ઘ્ણ્દ સેન્ટર ખાતે દાખલ દર્દીઓને ફ્રી માં પૌષ્ટિક ભોજન પૂરું પાડવાની સંપૂર્ણ જવાબદારી સ્વીકારવામાં આવી છે. આ સેવાકાર્ય સતત અવિરતપણે ચાલતું રહે અને વધુ ને વધુ લોકોને પ્રેરણા મળે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## વાપીની આર.કે. દેસાઈ કોલેજમાં પ્રિ-નવરાત્રી મહોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસ, વાપી ખાતે પ્રી-નવરાત્રિ મહોત્સવનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ માટે બેસ્ટ એક્શન અને બેસ્ટ કોસ્ચ્યુમ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં તેમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે બી.સી.એ. વિભાગમાંથી ડૉ. મિત્તલ શાહ,કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગમાંથી ડૉ. િન્સી ઠાકુર, બી.એડ. અને પી.ટી.સી. વિભાગમાંથી ડૉ. ગુંજન વશી, સાયન્સ વિભાગમાંથી મિતેન ભંડારી તથા આર. કે. દેસાઈ સ્કૂલમાંથી મોનિકાબેન ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે ગુજરાતી ફિલ્મ 'તારી મારી લાગણીઓ' ની ટીમે ફિલ્મના પ્રમોશન માટે હાજરી આપી હતી. ફિલ્મનાં કેટલાંક દ્દશ્યો કોલેજ કેમ્પસમાં શૂટ કરવામાં આવ્યાં હોવાથી આ મુલાકાત વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

કાર્યક્રમનું આયોજન કલ્ચરલ કમિટી દ્વારા નેહા પટેલ અને અભિષેક પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ચેરમેન મિલન દેસાઈ અને કેમ્પસ ડિરેક્ટર ડૉ. મિત્તલ શાહે સફળ આયોજન બદલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## વાપી પબ્લિક સ્કૂલમાં રગ્બી બોયઝ ટુર્નામેન્ટનો સમાપન સમારોહ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી પબ્લિક સ્કૂલ ખાતે આયોજિત ૭મી CISCE રાષ્ટ્રીય રગ્બી બોયઝ ટુર્નામેન્ટનો ભવ્ય સમાપન સમારોહ યોજાયો હતો. દેશનાં વિવિધ રાજ્યોમાંથી આવેલી ટીમોના ખેલાડીઓએ આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમતગમત કૌશલ્ય, શિસ્ત, ટીમવર્ક અને ખેલદિલીનું પ્રદર્શન કર્યું હતું. ટુર્નામેન્ટમાં કર્ણાટક રીજને ત્રણેય વયજૂથમાં ચેમ્પિયન બની શાનદાર સફળતા મેળવી હતી.

સમાપન સમારોહમાં વાપી પબ્લિક સ્કૂલના ટ્રસ્ટીઓ મનસુખ કાકરિયા, સુભાષ કોટડિયા, વિપુલ કાકરિયા અને નવલ બંસલ , જિલ્લા શિક્ષણાધિકારી રાજશ્રી ટંડેલ, GST વિભાગના આસિસ્ટન્ટ કમિશનર ગગન ખુરાના તથા એડવોકેટ અને વલસાડ ભાજપનાં ઉપ-મુખ રશ્મિકાબેન મહેતાએ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શાળાનાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સિનિયર પ્રિન્સિપાલ અલ્પા કોટડિયા પણ સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. સમારોહ દરમિયાન વાપી પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ રાજસ્થાની લોકનૃત્યની આકર્ષક સાંસ્કૃતિક પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસ્તુતિ દ્વારા ભારતીય લોકસંસ્કૃતિની સમૃદ્ધિ અને વૈવિધ્યને સુંદર રીતે રજૂ કરવામાં આવ્યાં હતાં, જેને ઉપસ્થિત મહેમાનો અને દર્શકોએ બિરદાવ્યું હતું.ટુર્નામેન્ટનાં પરિણામોમાં કર્ણાટક રીજને તમામ ત્રણ વયજૂથમાં પ્રથમ સ્થાન મેળવી પોતાની રમતગમતની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. વિવિધ વયજૂથનાં પરિણામો નીચે મુજબ રહ્યાં હતાં. વિજેતા ટીમો અને ખેલાડીઓને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ પ્રમાણપત્રો, મેડલ અને ટ્રોફી એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન ખેલાડીઓની મહેનત, સમર્પણ, શિસ્ત અને રમતગમત પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક બન્યું હતું. આ પ્રસંગે આસિસ્ટન્ટ સેક્રેટરી અને એક્ઝિક્યુટિવ કમિટીનાં સભ્ય શિવાનેએ રાષ્ટ્રીય સ્તરની આ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવા બદલ વાપી પબ્લિક સ્કૂલના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે આટલા મોટા સ્તરની રમતગમત સ્પર્ધાનું સુચારુ આયોજન કરવા બદલ શાળા સંચાલન અને સમગ્ર આયોજન ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

## ડુંગરા આશ્રમમાં સામૂહિક તર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપીના ડુંગરા ખાતે આવેલા સંત શ્રી આશારામજી બાપુના આશ્રમમાં સામૂહિક પિતૃ તર્પણ અને સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વાપી ઉપરાંત સંઘપ્રદેશ દમણ, દાદરા અને નગર હવેલી તેમજ વલસાડ જિલ્લામાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના પૂર્વજોના આત્માની શાંતિ માટે શ્રદ્ધાપૂર્વક પિતૃ તર્પણ વિધિ કરી હતી. સર્વપિતૃ અમાવસ્યાના ધાર્મિક મહત્ત્વને ધ્યાનમાં રાખીને આશ્રમ ખાતે પૂર્વજોને સમર્પિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં પિતૃઓના સ્મરણ સાથે પ્રાર્થના, અગ્નિમાં આહુતિ અર્પણ, સામૂહિક મંત્રોચ્ચાર અને ભોજનદાન સહિતની ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રદ્ધાળુઓએ પોતાના પૂર્વજોને ભાવપૂર્વક યાદ કરી તેમના આશીર્વાદ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરી હતી. સાથે જ પરિવારની સુખ, શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે પણ પ્રાર્થના કરવામાં આવી હતી. ધાર્મિક માહોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિ જોવા મળી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડુંગરા આશ્રમના સંચાલક મુકેશભાઈ અને સાધકો દ્વારા કરાયું હતું.

## વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા તથા સરકારી આયુર્વેદ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે હોસ્પિટલ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. આ અભિયાન જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ઉર્વી પટેલ અને ઈ.ચા. વૈદ્ય પંચકર્મ વૈદ્ય સુમીત પટેલના નેતૃત્વમાં યોજાયું. સવારે ૯ કલાકે ડૉ. ઉર્વી પટેલ દ્વારા સ્વચ્છતા શપથ લેવડાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાનમાં જિલ્લાના તમામ આયુર્વેદ - હોમિયોપેથી મેડિકલ ઓફિસરો, ફાર્માસિસ્ટો, સેવકગણ અને હોસ્પિટલ સ્ટાફ મળી કુલ ૭૯ કર્મચારીઓએ ભાગ લીધો હતો. સૌ દ્વારા OPD વિભાગ, પંચકર્મ વિભાગ, ઔષધાલય, હોસ્પિટલ પરિસર અને બગીચા વિસ્તારમાં સફાઈ કરવામાં આવી હતી. ઔષધિના ખાલી ડબ્બા, પ્લાસ્ટિક કચરો અને નકામી વસ્તુઓનો નિકાલ કરાયો હતો. આ પ્રસંગે ડૉ. ઉર્વી પટેલે જણાવ્યું કે, સ્વચ્છતા જ્યાં છે ત્યાં જ આરોગ્ય છે, આયુર્વેદમાં સ્વચ્છતાને પ્રથમ ધર્મ માન્યો છે. ત્યારબાદ તેઓ અન્ય કાર્યક્રમમાં હાજરી માટે રવાના થયા અને આગળનો કાર્યક્રમ ડૉ. કેતન વ્યાસ ની આગેવાનીમાં પૂર્ણ થયો હતો. અંતમાં સૌએ પોતાની જગ્યાએ સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ લીધો હતો.

## અબ્રામાના સેવાસેતુમાં ૩૩૮ લાભાર્થીઓને લાભ મળ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** રાજ્ય સરકારના પ્રજાભિમુખ અભિગમને સાકાર કરવાના ભાગરૂપે વલસાડ શહેરના અબ્રામા વિસ્તારમાં આવેલી ઝોન ઓફિસ ખાતે 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાગરિકોને સરકારી યોજનાઓના લાભ એક જ સ્થળેથી અને ઝડપથી મળી રહે તે હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં સ્થાનિક રહીશો અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ સેવા સેતુ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યું કે, સેવા સેતુ કાર્યક્રમ એ નાગરિકોના ઘર આંગણે સરકારી સેવાઓ પહોંચાડવાનું એક સશક્ત માધ્યમ બની રહ્યો છે. આ કાર્યક્રમમાં નગરપાલિકાના વિવિધ વોર્ડના સભ્યો મનીષા પટેલ (વોર્ડ નં. ૧૦), વિનોદ શર્મા (વોર્ડ નં. ૧૦), જિજ્ઞેશ પટેલ (વોર્ડ નં. ૦૩), પ્રવિણા પટેલ (વોર્ડ નં. ૧૧), નેહા પટેલ(વોર્ડ નં. ૦૪), રીટા પટેલ (વોર્ડ નં. ૧૧), અને પ્રવીણ પટેલે (વોર્ડ નં. ૦૭) ઉપસ્થિત રહી કામગીરીને વેગ આપ્યો હતો.

નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ પણ સ્થળ પર ઉપસ્થિત રહીને નાગરિકોની અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં મદદરૂપ રહ્યા હતા. સેવાસેતુ કાર્યક્રમમાં દિવસ દરમિયાન આધારકાર્ડ, જાતિનો દાખલો, રાશનકાર્ડ, જેવી વિવિધ યોજનાઓ તેમજ સરકારી દસ્તાવેજી બનાવવા / સુધારો માટે ૩૩૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન આધાર કાર્ડ સંબંધિત કામગીરી તેમજ અન્ય વિવિધ કલ્યાણકારી યોજનાઓના ફોર્મ સ્વીકારી સ્થળ પર જ યોગ્ય કામગીરી કરવામાં આવી હતી. અબ્રામા વિસ્તારના સ્થાનિક રહીશો તેમજ મોટી સંખ્યામાં આવેલા લાભાર્થીઓએ આ આયોજન બદલ રાજ્ય સરકાર, નગરપાલિકા તંત્ર અને લોકપ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વલસાડ જિલ્લામાં 'રાષ્ટ્રીય પોષણ માસ-૨૦૨૬'નો પૂર્ણાહુતિ સમારોહ યોજાયો

### સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ તથા ૦થી ૬ વર્ષનાં બાળકોના પોષણ સ્તરમાં સુધારો લાવવા પ્રયાસ કરાયો : કુપોષણમુક્ત ગુજરાતના નિર્માણ માટે સૌએ સહિયારા પ્રયાસો કરવાનો સંકલ્પ લીધો



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત તથા પ્રોગ્રામ ઓફિસર, આઈસીડીએસ, વલસાડના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લામાં યોજાયેલા 'રાષ્ટ્રીય પોષણ માસ-૨૦૨૬'નો ભવ્ય પૂર્ણાહુતિ સમારોહ પારડી તાલુકાના પરિયા ગામે ગ્રામ પંચાયત હોલમાં ઉત્સાહભેર યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ તથા ૦થી ૬ વર્ષનાં બાળકોના પોષણ સ્તરમાં સુધારો લાવવો, કુપોષણ નિવારણ અંગે જનજાગૃતિ ફેલાવવી અને પોષણને જનઆંદોલનનું સ્વરૂપ આપવાનો હતો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી પ્રોગ્રામ ઓફિસર ક્રિષ્ના પટેલે જણાવ્યું કે, સ્વસ્થ બાળ અને સ્વસ્થ નારી એ જ સમૃદ્ધ રાષ્ટ્રની ઓળખ છે. રાષ્ટ્રીય પોષણ માસ દરમિયાન જિલ્લાભરમાં યોજાયેલી વિવિધ પોષણલક્ષી પ્રવૃત્તિઓના માધ્યમથી છેવાડાના માનવી સુધી પોષણનો સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. માતા અને બાળકના સ્વાસ્થ્યની યોગ્ય કાળજી, પોષણયુક્ત આહાર અને સમયસર આરોગ્ય સેવાઓ દ્વારા કુપોષણ ઘટાડવામાં આ અભિયાન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

કાર્યક્રમના પ્રારંભે આંગણવાડી કાર્યકરો, આઈસીડીએસ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પોષણ અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી રેલી યોજવામાં આવી હતી. રેલી દ્વારા પોષણયુક્ત આહાર, માતા-બાળ આરોગ્ય અને કુપોષણ નિવારણનો સંદેશ જનસમુદાય સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં જિલ્લા કો-ઓર્ડિનેટર દર્શાલી પટેલ દ્વારા 'રાષ્ટ્રીય પોષણ માસ' અને 'પોષણ સંગમ' વિષય પર વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમણે પોષણ અંગે જનજાગૃતિ ફેલાવવા, વિવિધ વિભાગો અને સમુદાયના સહયોગથી પોષણલક્ષી પ્રવૃત્તિઓને વધુ અસરકારક બનાવવા તથા સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને બાળકો સુધી પોષણ અને આરોગ્યલક્ષી સેવાઓનો લાભ પહોંચાડવાના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના અંતે કુપોષણમુક્ત ગુજરાતના નિર્માણ માટે સૌએ સહિયારા પ્રયાસો કરવાનો સંકલ્પ લીધો હતો. પોષણ અંગેની જાગૃતિ દરેક ગામ, દરેક પરિવાર અને દરેક લાભાર્થી સુધી પહોંચે તથા બાળકો અને મહિલાઓને પોષણ અને આરોગ્યલક્ષી સેવાઓનો લાભ મળે તે માટે સતત પ્રયત્નશીલ રહેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## વાપી-દમણ રોડ પર ચોમાસામાં પાણી ભરાશે

### ગટર આગળ પેવર બ્લોકની ફૂટપાથ બનાવાઈ, રોડ લેવલથી ઊંચી હોવાથી પાણી નિકાલનો રસ્તો બંધ, રોડ પર તળાવ સર્જાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી મહાનગરપાલિકા દ્વારા વાપી-દમણને જોડતા મુખ્ય માર્ગ પર કરોડોના ખર્ચે બનાવવામાં આવી રહેલી ફૂટપાથના કામમાં ગંભીર બેદરકારી સામે આવી છે, જે આવતા ચોમાસામાં હજારો વાહનચાલકો અને રાહદારીઓ માટે મુશ્કેલીનું કારણ બનશે.સંઘ પ્રદેશ દમણને જોડતો આ રોડ વાપી મનપા હદનો જીવાદોરી સમાન છે. ગત ચોમાસામાં આ રોડ પર ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈને તળાવ જેવી સ્થિતિ સર્જાઈ હતી. છતાં તંત્રએ કોઈ બોધપાઠ લીધો નથી. દમણથી વાપી તરફ આવતા રોડ પર ગટર બનાવ્યા બાદ રોડને અડીને પેવર બ્લોકની ફૂટપાથ બનાવવામાં આવી રહી છે. આ ફૂટપાથ રોડ લેવલથી ઘણી ઊંચી બનાવાઈ છે અને વચ્ચે વરસાદી પાણી ગટરમાં જાય તે માટે કોઈ જગ્યા કે ઢાળ છોડવામાં આવ્યો નથી.પરિણામે વરસાદનું પાણી ગટરમાં જવાને બદલે રોડ પર જ અવરોધાઈ રહેશે અને ફરી રોડ પર તળાવ સર્જાશે. સ્થાનિકોનું કહેવું છે કે મનપાના આર એન્ડ બી વિભાગના અધિકારી કે ઈજનેરોએ સ્થળ નિરીક્ષણ કર્યા વિના જ કોન્ટ્રાક્ટરને કામ સોંપી દીધું છે. જો અત્યારથી જ આ બાબતે ધ્યાન નહીં આપવામાં આવે તો કરોડો રૂપિયા પાણીમાં જશે અને આવતા ચોમાસામાં હજારો લોકોને ભારે હાલાકી ભોગવવી પડશે.

## વાપીના મુખ્ય બજારમાં ડિવાઈડર અને સ્ટ્રીટલાઈટના અભાવે લોકો પરેશાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી શહેરના મુખ્ય બજાર વિસ્તારમાં રસ્તાના નવીનીકરણની કામગીરી દરમિયાન હટાવવામાં આવેલા ડિવાઈડર અને સ્ટ્રીટલાઇટના થાંભલા ફરીથી લગાવવામાં નહીં આવતાં રાહદારીઓ, વેપારીઓ અને સ્થાનિક રહેવાસીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને વાપી મહાનગરપાલિકાના બાંધકામ વિભાગના અધિકારીઓ તેમજ સત્તાધારી પક્ષના હોદ્દેદારો તાત્કાલિક યોગ્ય પગલાં ભરે અને માર્ગ પર ફરીથી ડિવાઈડર તથા સ્ટ્રીટલાઇટની વ્યવસ્થા કરે તેવી માંગ ઊઠી છે.

વાપીના સરદાર ચોકથી ઝંડા ચોક સુધીના મુખ્ય બજાર માર્ગનું તાજેતરમાં નવીનીકરણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન જૂના રસ્તાને ખોદીને નવો માર્ગ બનાવવામાં આવ્યો હતો. રસ્તાના નવીનીકરણ માટે વર્ષો પહેલાં બનાવવામાં આવેલા ડિવાઈડર તેમજ સ્ટ્રીટલાઇટના થાંભલાઓ હટાવવામાં આવ્યા હતા.

જોકે, માર્ગની કામગીરી પૂર્ણ થયા બાદ પણ હટાવવામાં આવેલા ડિવાઈડર અને સ્ટ્રીટલાઇટના થાંભલા ફરીથી લગાવવામાં નહીં આવતાં અનેક પ્રશ્નો ઊભા થયા છે. ખાસ કરીને મુખ્ય બજારમાં વહેલી સવારમાં અને રાત્રી દરમિયાન અવરજવર કરતા રાહદારીઓ, વાહનચાલકો અને વેપારીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રાત્રિના સમયે પૂરતી -કાશ વ્યવસ્થાના અભાવે અકસ્માતની શક્યતા પણ વધી શકે છે.

શહેરના મુખ્ય બજાર જેવા વ્યસ્ત વિસ્તારમાં વાહનવ્યવહારને વ્યવસ્થિત રાખવા માટે ડિવાઈડર અને રાત્રિના સમયે સુરક્ષિત અવરજવર માટે સ્ટ્રીટલાઇટની સુવિધા અત્યંત જરૂરી છે. ત્યારે રસ્તાનું નવીનીકરણ કર્યા બાદ આ બંને સુવિધાઓ પુનઃસ્થાપિત કરવામાં વિલંબ કેમ થઈ રહ્યો છે તેવો સવાલ પણ સ્થાનિકોમાં ઊઠી રહ્યો છે.

# મોદી વિરોધી મોરચામાં મતભેદ અને વિશ્વાસનો અભાવ



વિશ્લેષણ
કુન્દન વ્યાસ

જ્ઞાનેશકુમાર અને મોદી સરકારને હટાવવાની માગણી વિરોધી પક્ષોની હોવા છતાં મોદીવિરોધી મોરચામાં એકતા નથી - વાસ્તવમાં પરસ્પર વિશ્વાસનો જ અભાવ છે. કાકરોચ પાર્ટી મોદીવિરોધી જ છે, પણ પરોક્ષ પડકાર કોંગ્રેસને છે ! આ ઉપરાંત, માયાવતી, મમતા તથા ડાબેરી પક્ષો ફોટા પાડવામાં રાહુલ ગાંધી સાથે ઊભા રહે છે, પણ સહકાર કોકરોચ પાર્ટીને આપે છે ! આ મનભેદ જાહેર જનતાની નજર સામે છે. યુવાવર્ગ અને વિદ્યાર્થીઓ રાહુલ ગાંધીથી દૂર જઈ રહ્યા છે અને કોકરોચ પાર્ટીની નજીક જઈ રહ્યા છે. રાહુલ ગાંધી માટે આ ચિંતાનો વિષય છે. મોદીના વિકલ્પ બનવું છે, પણ વિપક્ષની એકતા છે ખરી ? ચૂંટણી થાય અને પરિણામ આવે તે પહેલાં ભવિષ્યની ખાતરી હોવી જોઈએ - તો પછી કોકરોચને મનાવી શકાશે ? કોકરોચની પાછળ કેજરીવાલનું ભેજું છે અને સત્તા મળે નહીં તો દેશભરમાં અરાજકતા ફેલાવવાની વિચારધારા છે. રાહુલ ગાંધી અત્યારે ચૂંટણી કમિશનર સામેનાં વિરોધ આંદોલનનાં કેન્દ્રમાં છે. સમગ્ર આંદોલન એમનાં જ નેતૃત્વમાં ચાલી રહ્યું છે, તેથી કોંગ્રેસ પાર્ટી અને ઁએક જ નેતા રાહુલ ગાંધીઁ હોવાની છાપ સમગ્ર દેશમાં પડી છે. આંદોલનના આરંભમાં મમતા બેનરજીએ જાહેર કર્યું કે રાહુલ ગાંધી એકમાત્ર વડાપ્રધાનપદના ઉમેદવાર કે દાવેદાર છે અને અમને (અર્થાત્ તમામ વિપક્ષોને) વાંધો - વિરોધ નથી, ત્યારે કોંગ્રેસના (હંગામી) પ્રમુખ ખડગેએ સ્પષ્ટતા કરી કે આ લડાઈ વડાપ્રધાનપદ અથવા સત્તા માટે નથી. આંદોલન ન્યાય માટે છે. આ સ્પષ્ટતા કરવામાં આવી, જેથી વિપક્ષી છાવણીમાં વડાપ્રધાન બનવાનાં દીવાસ્વપ્ન જોઈ રહેલા નેતાઓ વિદ્રોહ કરે નહીં. જો કે, સ્પષ્ટ કોઈ અભયવચન અથવા ભીષ્મપ્રતિજ્ઞા નથી. રાજકારણ - સત્તાકેન્દ્રી છે. કોઈ નેતા સાધુ - સંત નથી અને બનવા માગતા પણ નથી. વાસ્તવમાં કોંગ્રેસ અને રાહુલ ગાંધીને અન્ય પ્રતિસ્પર્ધી નેતાઓ ઉપર ભરોસો નથી અને અન્ય નેતાઓને રાહુલ તથા કોંગ્રેસ ઉપર પણ ભરોસો નથી.

વિપક્ષો ચૂંટણીપંચ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હટાવવા ભેગા થયા છે, પણ આ સગવડિયા ધર્મ જેવી સમજૂતી છે. વિશ્વાસનો અભાવ છે સૌ કોઈ એકબીજાંનો તથા કોંગ્રેસનો ઉપયોગ કરે છે ! રાહુલ ગાંધી પહેલા દિવસથી જ વિપક્ષી એકતા ઉપર ભાર મૂકી રહ્યા છે. આમ છતાં પોતાનો વ્યૂહ - રણનીતિ ખાનગી - ગુપ્ત રાખી રહ્યા છે ! પેપર લીક વિરોધી આંદોલન શરૂ થયું અને અભિજિત દીપકે અમેરિકાનાં આસમાનથી જંતર - મંતરમાં ટપકી પડયા ત્યારે જ રાહુલ ગાંધીના સલાહકારો ચોંકી ઊઠયા હતા અને અરવિંદ કેજરીવાલનો હાથ હોવાનું જણાયું હતું, તેથી રાહુલ અળગા રહ્યા અને અચાનક સંસદ ભવન અને પછી વડાપ્રધાનનાં નિવાસસ્થાને કૂચ કરવાનો નિર્ણય લેવાયો. કોઈ એડવાન્સ જાહેરાત કરી નહીં. કેજરીવાલ વિદ્યાર્થી આંદોલન હાઈજેક કરવાની કોંગ્રેસની ઁચાલબાજીઁ હોવાથી જોડાયા નહીં. વડાપ્રધાનનાં નિવાસસ્થાન બહાર રાહુલે ધરણાં કર્યાં. જમીન ઉપર બેસી ગયા. આખરે પોલીસનાં નાકે દમ આવ્યો, પણ આ અપવાદ નહીં. વ્યૂહ છે અને તેની શરૂઆત એમનાં દાદી - ઈન્દિરા ગાંધીએ કરી હતી. ૧૯૭૭માં જનતા પાર્ટીને બહુમતી મળી. સરકાર આવી તે પછી ઈમર્જન્સીમાં સત્તાનો ઘોર દુરુપયોગ કરવા બદલ લોકસભાએ ઈન્દિરાજીને પદભ્રષ્ટ કર્યા સભ્યપદ રદ કર્યું, ત્યારે ઈન્દિરા ગાંધીએ ગૃહ - લોકસભામાં ધરણાં - (સત્યાગ્રહ કે સત્તાગ્રહ ?) કરીને બેસી રહ્યાં. આ લખનાર આ ઘટનાનો સાક્ષી છે - કહેવાતા કોંગ્રેસ કાર્યકરો સંસદ ભવનના રક્ષકોને હડસેલીને સીધા લોકસભાની અંદર પ્રવેશ્યા. ઈન્દિરાજી માટે કોફી લાવવામાં આવી. ગૃહમાં સ્પીકરનાં સિંહાસન ઉપર બેસીને કોંગ્રેસી નેતાએ તત્કાલીન સ્પીકર - સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ કે.એસ. હેગડેની મિમિક્રી કરીને ચાળા પાડયા ! સૌનું મનોરંજન થયું ! સંવિધાન અને સંસ્થાઓનું અવમૂલ્યન - ઠેકડી ઉડાવવાની શરૂઆત તો ત્યારે જ શરૂ થઈ હતી. આજે જે થઈ રહ્યું છે તેની નવાઈ નથી ! રાહુલ ગાંધીએ ગયા શનિવારે એમના પક્ષની બેઠકમાં કહ્યું હતું. આપણે આંદોલનમાં વ્યૂહ ગુપ્ત, ખાનગી રાખીને સૌને આશ્ચર્યમૂઢ બનાવી દેવા જોઈએ. (અન્ય પક્ષો ઉપરાંત) પોલીસ અને સરકારને પણ ખ્યાલ આવે નહીં - એવું આશ્ચર્ય - આઘાત આપવો જોઈએ. આ પછી નિર્વાચન ભવન ભણી જવાની કૂચ શરૂ થઈ પોલીસે રોક્યા પછી પ્રિયંકા ગાંધી વડરા રસ્તા ઉપર લેટી ગયાં - કુછ ભી હો મૈં નહીં હટૂંગી ! અને રાહુલ ગાંધી નજીકનાં આકાશવાણી ભવનનો ગેટ ધરાર વટાવીને પછી દીવાલની પાળી ઉપર બેસી ગયા. લાઉડસ્પીકર - પત્રકારો - ફોટોગ્રાફરો તરત ગોઠવાઈ ગયા, પણ પાછલા દરવાજેથી નજીકનાં નિર્વાચન સદન પહોંચવાનો પ્લાન નિષ્ફળ ગયો. બીજા દિવસે જંતર - મંતર જઈ શક્યા નહીં તો જનપથની હોટેલમાં સંસદસભ્યોને ભોજન માટે ખડગેસાહેબે આમંત્ર્યા, પણ સમાજવાદી પાર્ટીના સભ્યોએ બહિષ્કાર કર્યો - એમને આમંત્રણ નહોતું ! બીજી બાજુ, 'આપ' - કેજરીવાલના કાર્યકરોએ જૂની દિલ્હીમાં દેખાવો કર્યા - કોંગ્રેસ કહે છે અમને જણાવ્યું નહતું અને 'આપ' ગયા પછી કોંગ્રેસીઓએ ભેગા થઈને સૂત્રો પોકાર્યાં, મન મનાવ્યું ! ગયા ફેબ્રુઆરીમાં અઈ શિખર પરિષદ મળી રહી હતી, ત્યારે કોંગ્રેસી કાર્યકરોએ શર્ટ ઉતારીને ભારતની ગરીબાઈ - દરિદ્રતાનું પ્રદર્શન કર્યું એ પણ પૂર્વયોજિત હતું ! આ વખતે રાહુલે પોલીસના બેરિકેડ ઉપર ચડીને ભાષણ કર્યું. આમ રાહુલનો વ્યૂહ અને આદેશ છે કે દેખાવો ચીલાચાલુ ઢબે કરવાને બદલે નવા કીમિયા અજમાવો...! ચૂંટણી કમિશનરને રૂબરૂ મળીને આવેદનપત્ર આપવાની જાહેરાત થઈ હતી. ૧૨૫૦ જણાનાં પ્રતિનિધિ મંડળને પરવાનગી અપાઈ નહીં. તો માગણી થઈ કે હવે સંસદ ભવનના એનેક્સી - જોડિયાં ભવનમાં આવીને અમારા ૨૪૦ સાંસદોને મળો ! નિયમ મુજબ મુખ્ય કમિશનર કોઈપણ પ્રતિનિધિ મંડળને નિર્વાચન ભવનમાં જ મળે - સામેથી બહાર જઈને આવેદનપત્ર સ્વીકારાય નહીં. આમ છતાં પંચના ઉચ્ચ અધિકારીને મોકલવાની તૈયારી બતાવી, પણ આંગણું વાંકું લાગ્યું રાહુલને ! આવી જ રીતે, રાષ્ટ્રપતિને મળવાની વાત આવી ત્યારે પણ પ્રતિનિધિ મંડળની સંખ્યાનો વિચાર કર્યો નહીં. ચીલાચાલુ વિરોધના બદલે નવા કીમિયા અજમાવવાનો વ્યૂહ કોકરોચને પાછળ રાખી દેવાનો છે. કોકરોચ પણ કોઈ કાચા નથી. શરૂઆતમાં રાહુલ ગાંધીએ કહ્યું કે ચૂંટણી કમિશનર યુવા જેન - ઝીનો મતાધિકાર છીનવી લેવા માગે છે, ત્યારે જ કોકરોચને મુદ્દો મળી ગયો - કોંગ્રેસનાં આંદોલનમાં જોડાવાને બદલે અલગ - મુંબઈમાં અને હવે નવી દિલ્હીમાં આવ્યા - જંતર - મંતર - ટુ એવી જાહેરાત પણ કરી કે કોઈ રાજકીય પક્ષના ભેદભાવ નથી અર્થાત્ કોઈની નેતાગીરી નથી ! તમામ પક્ષોનાં વિદ્યાર્થી સંગઠનોને બોલાવ્યાં - ચલો દિલ્હી. અને જ્યાં સુધી જ્ઞાનેશકુમાર ઉપરાંત મોદી, અમિત શાહ અને મોહન ભાગવતને નહીં હટાવાય ત્યાં સુધી જંતર - મંતરથી હટીશું નહીં ! આમ, વિરોધ પક્ષો વચ્ચે સ્પર્ધા છે, એકતા નહીં. ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને વધુ બેઠકો ફાળવવા તૈયાર નથી. પાંચ વર્ષ પહેલાં કોંગ્રેસે માત્ર બે બેઠક જીતી હતી. હવે ૨૦૦ માગે છે ! નવી દિલ્હીમાં રાહુલ ગાંધીનાં પ્રદર્શનમાં સમાજવાદી પક્ષના ઝંડા ફરકાવીને રાહુલને 'આશ્ચર્ય' આપ્યું !ચૂંટણીપંચનો વિવાદ શરૂ થયો તે પહેલાં પ્રાદેશિક પક્ષોએ ભાજપ અને કોંગ્રેસને બાકાત રાખીને ત્રીજા મોરચાની હિલચાલ શરૂ કરી હતી. કોંગ્રસે દગો કર્યા પછી ડીએમકેના નેતા કની મોંઝીએ મમતા, ઉદ્ધવ ઠાકરે અને રાષ્ટ્રવાદી કોંગ્રેસનાં સુપ્રિયા સુળેનો સંપર્ક કર્યો હતો. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારી થાય છે ત્યારે ત્યાં પણ ઓવાયસી આવી જ હિલચાલ કરી રહ્યા છે. પણ રાહુલ ગાંધીનું આંદોલન અસરકારક અને આક્રમક હોવાથી મમતા અને ઉદ્ધવ ઠાકરેએ રાહુલનો હાથ પકડયો છે ! આ દરમિયાન, જમ્મુ - કાશ્મીરના મુખ્યપ્રધાન ઉમર અબ્દુલ્લાએ વોટચોરીના રાહુલના આક્ષેપનો છેદ ઉડાવી દીધો છેઁ મોદીએ કાંઈક તો કામ કર્યાં છે કે લોકો એમને વોટ આપે છે ! આવું કહ્યા પછી રાષ્ટ્રપતિને આવેદનપત્ર આપવામાં જોડાયા...!

# મારે પણ એક (શાંત) ઘર હોય!

પૌરુષ



અંકિત દેસાઇ,
ટુકવાડા

સવારના આઠ વાગ્યાથી શરૂ થતી ભાગદોડ, ટ્રાફિકનો ઘોંઘાટ, ઓફિસના ટાર્ગેટ્સ, બોસની કચકચ, ગ્રાહકો સાથેની મગજમારી અને સતત ચાલતી આર્થિક ખેંચતાણ. આજના સ્પર્ધાત્મક યુગમાં એક પુરુષ આખો દિવસ પોતાના મન અને શરીરને નીચોવીને સાંજે જ્યારે ઘરનો દરવાજો ખટખટાવે છે, ત્યારે તેના મનમાં માત્ર એક જ ઈચ્છા હોય છે. શાંતિ! બહારની દુનિયા સાથે લડીને થાકેલો પુરુષ જ્યારે પોતાના ઉંબરે પગ મૂકે છે, ત્યારે તે માત્ર ચાર દીવાલો વચ્ચે નથી આવતો, પણ તે એક એવા આશ્રયસ્થાનની શોધમાં હોય છે જ્યાં તેને પોતાની સુરક્ષા અને હૂંફનો અનુભવ થાય. પરંતુ કમનસીબે, જો એ જ ઉંબરો વટાવતાની સાથે જ તેના પર ઘરની રોજિંદી સમસ્યાઓ, ફરિયાદો અને પળોજણોનો વરસાદ શરૂ થઈ જાય, તો તેનું મન અંદરથી ભાંગી પડે છે. તેથી જ, આજના અતિ-તણાવગ્રસ્ત સમયમાં એક પુરુષ માટે ઘરે આવ્યા પછીનું ઉલ્લાસભર્યું અને શાંત વાતાવરણ માત્ર વિલાસ નથી, પરંતુ તેની માનસિક અને શારીરિક સ્વસ્થતા માટેની સૌથી પ્રાથમિક જરૂરિયાત છે.

આપણે એ માનસિકતાને સમજવી પડશે કે પુરુષ જ્યારે બહાર કામ કરે છે, ત્યારે તેનું મન સતત ફાઈટ ઓર ફ્લાઈટ મોડમાં હોય છે. ઓફિસ કે વ્યવસાયના સ્થળે તેને સતત સતર્ક રહેવું પડે છે, નિર્ણયો લેવા પડે છે અને પોતાના આવેગો પર કાબૂ રાખવો પડે છે. આ આખો દિવસ ચાલતી માનસિક કસરત તેના નર્વસ સિસ્ટમને સંપૂર્ણપણે થકવી દે છે. આ સ્થિતિમાં જ્યારે તે સાંજે ઘરે પહોંચે છે, ત્યારે તેને પોતાના મનને રીસેટ કરવા માટે થોડો સમય જોઈએ છે. બાયોલોજીકલ અને સાયકોલોજીકલ દ્રષ્ટિએ જુઓ તો, સાંજે ઘરે પહોંચ્યા પછીની પહેલી ૧૫ થી ૨૦ મિનિટ પુરુષના માનસિક સ્વાસ્થ્ય માટે સૌથી નાજુક અને મહત્વની ક્ષણો હોય છે. આ એ સમય છે જ્યારે તેનો થાકેલો મગજ બહારની લડાઈમાંથી બહાર આવીને ઘરના વાતાવરણ સાથે અનુકૂલન સાધવાનો પ્રયાસ કરી રહ્યું હોય છે.

પરંતુ અણસમજને કારણે ઘણીવાર એવું બને છે કે પુરુષ દરવાજો ખોલે કે તરત જ તેને ઘરની પળોજણોનો સામનો કરવો પડે છે. લાઈટનું બિલ કેમ ન ભર્યું?, છોકરાએ આજે આ તોફાન કર્યું, સાકભાજીવાળા સાથે ઝઘડો થયા, કે તમારા સગાએ આમ કહ્યું - આ તમામ વાતો પોતાના સ્થાને સાચી હોઈ શકે છે, પરંતુ તેના માટેનો આ સમય સાવ અયોગ્ય છે. થાકેલા મન પર તરત જ નવી સમસ્યાઓનો બોજ નાખવામાં આવે ત્યારે પુરુષનું મન તેને હુમલા તરીકે લે છે. પરિણામે, તે કાં તો ચીડાઈ જાય છે, ગુસ્સે થાય છે અથવા સાવ મૌન ધારણ કરીને પોતાનામાં સમેટાઈ જાય છે. આ વર્તનને ઘણીવાર એવું સમજી લેવાય છે કે તેને પરિવારમાં રસ નથી, પરંતુ વાસ્તવિકતા એ છે કે તેનું મન આ નવી માહિતીઓને પ્રોસેસ કરવા માટે સાવ અસમર્થ હોય છે.

પ્રશ્ન એ થાય કે ઘરે આવ્યા પછીની શરૂઆતની મિનિટોમાં એવું તે શું હોવું જોઈએ જે પુરુષને કમ્ફર્ટ આપે? જવાબ બહુ સરળ છે. સ્મિત, એક ગ્લાસ પાણી અને થોડી મિનિટોનું મૌન. જ્યારે કોઈ પુરુષ ઘરે આવે અને દરવાજે તેને એક ઉલ્લાસભર્યો ચહેરો જોવા મળે, ત્યારે આખા દિવસનો થાક અડધો થઈ જાય છે. એક ગ્લાસ ઠંડુ પાણી અને પંખા કે એસીની હવામાં શાંતિથી બેસવાની ૧૫ મિનિટ તેની અંદરના તણાવને ઓગાળી નાખે છે. આ ૧૫ મિનિટમાં જો તેને કોઈ સવાલ ન પૂછવામાં આવે અને તેને પોતાના જૂતા ઉતારી, હાથ-પગ ધોઈને રિલેક્સ થવાનો મોકો આપવામાં આવે, તો તેનું શરીર અને મન ફરીથી સામાન્ય સ્થિતિમાં આવી જાય છે. આ મૌન કે આરામ એ પરિવાર પ્રત્યેની અણગમ નથી, પણ પરિવાર સાથે સારી રીતે જોડાવા માટેની પૂર્વતૈયારી છે.

ઘર જો શાંત અને હળવાશભર્યું હોય તો તેનાથી માત્ર પુરુષને જ નહીં, પણ આખા પરિવારને ફાયદો થાય છે. જ્યારે પુરુષને ઘરે આવ્યા પછી યોગ્ય કમ્ફર્ટ અને માનસિક શાંતિ મળે છે, ત્યારે તે થોડીવાર પછી એક ઉત્સાહી પિતા અને પ્રેમાળ પતિ તરીકે પરિવાર સામે આવે છે. તે બાળકો સાથે રમી શકે છે, પત્નીની વાત સાંભળી શકે છે અને ઘરની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે સક્ષમ બને છે. જે પુરુષનું મન શાંત છે, તે ઘરના વાતાવરણને વધુ સકારાત્મક બનાવી શકે છે. આનાથી વિપરીત, જો તેને શરૂઆતમાં જ અશાંતિ મળે, તો આખા ઘરનું વાતાવરણ કલુષિત થઈ જાય છે અને રાતનું ભોજન પણ નીરસ બની જાય છે.

અહીં એ વાત પણ સમજવી જરૂરી છે કે ઘરમાં રહેતી સ્ત્રી પણ આખો દિવસ કામ કરીને થાકી હોય છે. ખાસ કરીને જો તે વર્કિંગ વુમન હોય તો તે પણ ડબલ જવાબદારી નિભાવતી હોય છે, અને જો તે ગૃહિણી હોય તો આખો દિવસ ઘરકામ અને બાળકોની સંભાળમાં તેનો શ્રમ પણ ઓછો નથી હોતો. સ્ત્રીને પણ પોતાની વાત કહેવાની અને થાક ઠાલવવાની જરૂર હોય જ છે. પરંતુ, તાર્કિક વાત એ છે કે વાતો અને સમસ્યાઓની ચર્ચા કરવાનો એક ચોક્કસ સમય હોવો જોઈએ. પુરુષના ઘરે આવ્યાના અડધા-એક કલાક પછી, જ્યારે બંને પક્ષે વાતાવરણ હળવું થાય, ત્યારે દિવસભરની વાતો, સમસ્યાઓ કે આયોજનો વિશે ચર્ચા થઈ જ શકે છે. શાંત મગજે કરેલી ચર્ચા હંમેશા ઉકેલ લાવે છે, જ્યારે થાકેલા મગજે કરેલી ચર્ચા માત્ર ઝઘડામાં પરિણમે છે.

આજના સમયમાં હાર્ટ એટેક, હાઈ બ્લડ પ્રેશર અને ડિપ્રેશન જેવા રોગો પુરુષોમાં ખૂબ ઝડપથી વધી રહ્યા છે. આનું મુખ્ય કારણ એ છે કે પુરુષો પાસે પોતાની લાગણીઓ કે થાક ઠાલવવાની જગ્યાઓ ઓછી થતી જાય છે. સમાજ તેમને મજબૂત રહેવાનું શીખવે છે, પણ મજબૂત માણસને પણ આરામની જરૂર હોય છે. 'મારે પણ એક શાંત ઘર હોય' એ દરેક પુરુષની અંદરનો એક અદ્રશ્ય પોકાર છે. ઘર એ માત્ર ઈંટો અને સિમેન્ટથી બનેલી વાસ્તુ નથી, પણ ત્યાં વસતા લોકોના પ્રેમ અને સમજણથી બનતી એક સૃષ્ટિ છે.

જ્યારે ઘરના દરવાજા ખુલે અને અંદરથી તણાવને બદલે હૂંફ, ચીડને બદલે સ્મિત અને કચકચને બદલે શાંતિનો અનુભવ થાય, ત્યારે પુરુષ માટે તે ઘર પૃથ્વી પરનું સ્વર્ગ બની જાય છે. આવી શાંતિ મળ્યા પછી તે પોતાની તમામ આર્થિક કે સામાજિક લડાઈઓ લડવા માટે બમણા ઉત્સાહથી તૈયાર થઈ જાય છે. તેથી જ, પુરુષને સાંજે ઘરે આવ્યા પછી અપાતી એ થોડી મિનિટોની શાંતિ અને કમ્ફર્ટ એ તેના પર કરાતો ઉપકાર નથી, પણ એક મજબૂત, સ્વસ્થ અને સુખી કૌટુંબિક જીવન માટેનું સૌથી મોટું રોકાણ છે.

**અહીં એ વાત પણ સમજવી જરૂરી છે કે ઘરમાં રહેતી સ્ત્રી પણ આખો દિવસ કામ કરીને થાકી હોય છે. ખાસ કરીને જો તે વર્કિંગ વુમન હોય તો તે પણ ડબલ જવાબદારી નિભાવતી હોય છે, અને જો તે ગૃહિણી હોય તો આખો દિવસ ઘરકામ અને બાળકોની સંભાળમાં તેનો શ્રમ પણ ઓછો નથી હોતો. સ્ત્રીને પણ પોતાની વાત કહેવાની અને થાક ઠાલવવાની જરૂર હોય જ છે.**

# નવરાત્રી : ઉત્સવના ઉલ્લાસ વચ્ચે વિદ્યાર્થીની માનસિક સ્થિતિ

**ભારત ઉત્સવોનો દેશ છે. આથી ઉત્સવોની સાથે ઔપચારિક શિક્ષણ અને પરીક્ષાઓનું જોડાણ થવું શક્ય જ છે. આથી વિદ્યાર્થીએ જ પોતાની જવાબદારીઓ સમજવી આવશ્યક છે. જો વિદ્યાર્થી પોતે જ નિયમિત અભ્યાસ કરે, સમયસર પુનરાવર્તન કરે અને મર્યાદિત સમય માટે ઉત્સવમાં ભાગ લે તો તેને માટે ઉત્સવો અનૌપચારિક શિક્ષણનું માધ્યમ બની શકે અને પરીક્ષા ઔપચારિક શિક્ષણની ચકાસણી.**




મનનમ્



ડો. યોગેશ ગોરાને
આચાર્ય
વિનય મંદિર, દાંડી

**क्षणशः कणशश्चैव**
**विद्यामर्थं च साधयेत् ।**
**क्षणे नष्टे कुतो विद्या**
**कणे नष्टे कुतो धनम् ॥**

અર્થાત્ ક્ષણ ક્ષણ કરીને અને કણ કણ કરીને વિદ્યા અને અર્થ પ્રાપ્ત કરવા જોઈએ, ક્ષણનો ત્યાગ કરવાથી વિદ્યા કેવી રીતે આવે અને કણનો ત્યાગ કરવાથી ધન કેવી રીતે પ્રાપ્ત થાય ?

ઉપરોક્ત સંસ્કૃત સુભાષિત સમય અને નાણા બંનેની બચતનું મહત્વ સમજાવે છે. સાંપ્રત યુગમાં સમય અને ધન બંને બચાવવા ખૂબ જ અગત્યના છે. એમાં પણ ખાસ કરીને સમય સાચવવો ખૂબ જ અગત્યનો છે કારણ કે આજે સાચવેલો સમય જ આવતીકાલે ધનપ્રાપ્તિ માટે મદદરૂપ થશે. જોકે સોશિયલ મીડિયાએ બનાવેલા એકલા અને સ્માર્ટફોને બનાવેલા મૂર્ખ આપણને સમયનું મહત્વ સમજાતું હોત તો ૨૦ સેકન્ડની રીલ જોતા પસાર થયેલી ૨૦ મિનિટનું પણ ભાન થઈ જાત !

સૌથી મૂલ્યવાન છે સમય, એ સાચવવો અગત્યનું જ છે પણ સમય અને મનોરંજનની સ્પર્ધામાં કોણ જીતે એ કહેવું ખૂબ મુશ્કેલ છે. એમાંય વળી રંગીલા-મોજીલા ગુજરાતી માટે ગરબા અને નવરાત્રીમાં આ પ્રશ્ન બધું વિકટ બને છે. દુર્ગાની ભક્તિ કે ઉપાસનાના નામે થતાં ગરબાના તાલ, સંગીતના સૂર, રંગબેરંગી વસ્ત્રો અને આનંદનો માહોલ ગુજરાતનાં મોટેભાગના વિદ્યાર્થીઓ માટે આનંદ સાથે ચિંતા વધારે છે કારણ કે બરાબર નવરાત્રી વખતે જ શાળાઓમાં પરીક્ષાઓ પણ હોય છે. ગરબા અને પરીક્ષાનાં દ્વંદ્વને કારણે કેટલાંક વિદ્યાર્થીઓને એક તરફ ગરબા રમવાની કે આનંદ માણવાની ઈચ્છા થાય તો બીજી તરફ પરીક્ષાની તૈયારી માટેની ચિંતા થાય ! તેવી પરિસ્થિતિમાં આપણે સહેજ કિનારે ઊભા રહીને આ વમળમાં ફસાયેલા વિદ્યાર્થીની માનસિક અને શૈક્ષણિક સ્થિતિ સમજવા પ્રયત્ન કરીએ. નવરાત્રી ખરેખર તો મનોરંજનનો નહીં પરંતુ આપણી સંસ્કૃતિ, પરંપરા અને સામૂહિક એકતાનો ઉત્સવ છે. પણ આધુનિકતાની સાથે પ્રિ-નવરાત્રિ અને પોસ્ટ નવરાત્રી વિદ્યાર્થીઓનાં મનને લલચાવતું સૌથી મોટું આકર્ષણ બને છે. આ આકર્ષણ સામે વિદ્યાર્થીઓને પરીક્ષા જાણે મહીસાસુર જ લાગે છે. એક તરફ કહેવાતી ભક્તિના નામે મળતી મોજમજા અને બીજી તરફ જ્ઞાનના મૂલ્યાંકન માટેની ન ગમતી પરીક્ષા. આ બંને વચ્ચે સંતુલન જાળવવું ખરેખર મુશ્કેલ નહીં અશક્ય જેવું લાગે છે, કારણ કે મોહલ્લા કે મેદાનોમાં ચારે તરફ ગરબા ગુંજતા હોય ત્યારે અભ્યાસની ચિંતાથી પ્રેરાઈને ઘરમાં બેસીને વાંચવું વિદ્યાર્થીનાં મનમાં આનંદથી વંચિત રહી જવાની લાગણી અને માનસિક દબાણ જન્માવે એ બહુ સહજ છે ને !

વિદ્યાર્થી પણ આ સમાજનો જ હિસ્સો છે, તે લાગણીઓ ધરાવતો માનવી છે, પણ વયકક્ષા કે પરિપકવતાના અભાવને કારણે અથવા મનની ચંચળતાને કારણે આવા પ્રસંગો મોટેભાગના વિદ્યાર્થીઓને માટે મનોરંજન, મિત્રો સાથે સમય વિતાવવો અને પોતાની ઉંમરને અનુરૂપ આનંદ માણવા માટેની લલચામણ ઊભી કરે છે. જ્યારે કેટલાંક વિદ્યાર્થીઓ માટે અભ્યાસના દબાણ અને વાલી અને શાળાની અપેક્ષાઓને કારણે માનસિક સ્વાસ્થ્યને અસર કરનાર બને છે. સ્પર્ધાનાં આ યુગમાં શાળાઓ ઉપર પરિણામ લાવવાનું દબાણ હોય છે જે છેલ્લે તો વિદ્યાર્થી ઉપરનું જ દબાણ બને છે. આથી ક્યારેક વાલીઓ, શિક્ષકો કે શાળા ઉત્સવ માણવાને બદલે પરીક્ષામાં સારા ગુણ લાવવા દબાણ કરે છે. તો વળી, કેટલાંક વિદ્યાર્થીઓ સમય કે પરીક્ષાનું દબાણ રાખ્યા વિના માત્ર આનંદ અને મસ્તીમાં મશગુલ થાય તે પાછળથી પસ્તાય છે. આમ, કેટલાંક વિદ્યાર્થીઓ પરીક્ષા અને ઉત્સવ બંને સાથે હોવાથી માનસિક દબાણ અનુભવે છે તો કેટલાંક આનંદ-પ્રમોદ કર્યા પછી દબાણ અનુભવે છે. ટૂંકમાં, ઉત્સવ અને પરીક્ષા સાથે જ હોવાને કારણે કેટલાંક બાળકો પર જુદીજુદી રીતે જુદુંજુદું દબાણ આવે છે. આ દબાણ ક્યારેક અઘટિત ઘટનાનું કારણ બને છે.

જોકે, ભારત ઉત્સવોનો દેશ છે. આ ઉત્સવો માત્ર મનોરંજનનાં માધ્યમ નથી, પરંતુ સંસ્કૃતિ, પરંપરા, સામૂહિક એકતા, આધ્યાત્મિકતા અને જીવનમાં નવી ઊર્જાનો સંચાર કરનાર પર્વો છે. તેથી ઉત્સવોની સાથે ઔપચારિક શિક્ષણ અને પરીક્ષાઓનું જોડાણ થવું શક્ય જ છે. એવે સમયે આપણે વિદ્યાર્થીઓને માનસિક દબાણ અનુભવવા કે તદ્દન બિન્દાસ રહેવાને બદલે સમયનું યોગ્ય આયોજન કરતાં શીખવવું વધુ જરૂરી છે. તે માટે વિદ્યાર્થીએ પણ પોતાની જવાબદારીઓ સમજવી આવશ્યક છે. જો વિદ્યાર્થી પોતે જ નિયમિત અભ્યાસ કરે, સમયસર પુનરાવર્તન કરે અને મર્યાદિત સમય માટે ઉત્સવમાં ભાગ લે તો તેને માટે ઉત્સવો અનૌપચારિક શિક્ષણનું માધ્યમ બની શકે અને પરીક્ષા ઔપચારિક શિક્ષણની ચકાસણી. વાંદરવૃત્તિ જેવા ચંચળ મનનાં વિદ્યાર્થીને પોતાની જવાબદારી સમજાવવાની, તેને જરૂરી માર્ગદર્શન આપવાની અને પરીક્ષાને ભયનું કારણ ન બનાવવાને બદલે શીખવાની તક તરીકે દર્શાવવાની જવાબદારી શિક્ષકો અને વાલીઓની બને છે. તો શરૂઆતથી જ સમય સૂચકતાનો ઉપયોગ કરીને છેક છેલ્લી ઘડીએ પરીક્ષાની તૈયારી કરવાને બદલે અગાઉથી આયોજન કરવું અને મોબાઈલ અને સોશિયલ મીડિયાનો સમય મર્યાદિત રાખવો એ વિદ્યાર્થીઓ માટે જરૂરી છે. ગરબામાં ભાગ લેવાની સાથે પોતાનાં અભ્યાસની સ્થિતિ અને બીજા દિવસનાં સમયપત્રકને ધ્યાનમાં રાખી સમજદારી પૂર્ણ સંતુલન જાળવવું જોઈએ.

નવરાત્રી શક્તિની આરાધનાનું પર્વ છે. નવરાત્રિ દરમિયાન વિદ્યાર્થીઓને માનસિક રીતે સશક્ત બનાવવાની જવાબદારી આપણી છે. તેથી વાલીઓએ અપેક્ષાની સાથે વિશ્વાસ રાખવો જોઈએ, શિક્ષકોએ શિસ્તની સાથે સંવેદનશીલતા દાખવવી જોઈએ કારણ કે પરીક્ષા વિદ્યાર્થીનાં માટે મહત્ત્વપૂર્ણ તો છે જ પણ પરીક્ષા જ આખું જીવન નથી. તો ચાલો, આપણે આ નવરાત્રીમાં ગરબાના તાલની સાથે વિદ્યાર્થીઓનાં મનના તાલને પણ સમજીએ. તેમને માત્ર સફળ થવાનું દબાણ નહીં, પરંતુ સફળતા સુધી પહોંચવા માટેનું યોગ્ય માર્ગદર્શન, આનંદ અને માનસિક શાંતિ પણ આપીએ. કારણ કે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ માત્ર પરીક્ષાખંડમાં નહીં, પરંતુ વિશ્વાસ, સમજણ અને સંવેદનશીલતાના વાતાવરણમાં થાય છે.

# ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

- ધરમપુર
- નાનાપોંઢા
- કપરાડા
- મોટાપોંઢા

# કપરાડા અને ધરમપુર માટે રૂ. ૧,૩૩૧ કરોડની દમણ-ગંગા લિફ્ટ ઈરિગેશન યોજનાને વહીવટી મંજૂરી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા ધરમપુર-કપરાડાનાં આદિજાતિ વિસ્તાર માટે મહાત્વાકાંક્ષી યોજના : કપરાડા અને ધરમપુરમાં ૧૭,૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે



(દમણગંગા ટાઈમ્સ)

**ધરમપુર, તા. ૧૧ :** દક્ષિણ ગુજરાતનાં દુર્ગમ અને પહાડી વિસ્તાર ધરાવતા આદિજાતિ વિસ્તારોમાં હવે હરખની હેલી આવશે. કેમ કે, આ ડુંગરાળ વિસ્તારમાં ખેતી માટેની પાણીની અછત દૂર કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રૂ. ૧,૩૩૧.૩૦ કરોડની દમણ-ગંગા લિફ્ટ ઈરિગેશન યોજનાને વહીવટી મંજૂરી આપી છે અને યોજનાના અમલીકરણ માટે ઝડપથી કામ આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં આદિજાતિ વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈનો લાભ મળે તે માટે અડિખમ વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે.

**નેવાનાં પાણી મોભે ચઢાવાશે**

આ યોજના હેઠળ મધુબન જળાશયમાંથી ઉપલબ્ધ વધારાનું પાણી ઉપાડી પડકારજનક અને પહાડી વિસ્તાર સુધી પમ્પિંગ કરીને વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુર તાલુકાનાં ૧૭,૦૦૦ હેક્ટર ખેતીલાયક વિસ્તારને સિંચાઈનો લાભ આપવામાં આવશે.

કપરાડા અને ધરમપુરના ઊંચાણવાળા વિસ્તારો લાંબા સમયથી પાણીની અછતનો સામનો કરે છે. દક્ષિણ ગુજરાતનાં નીચાણવાળા દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુરુત્વાકર્ષણ આધારિત કેનાલ સિસ્ટમનો લાભ મળે છે, જ્યારે પૂર્વના આદિજાતિ વિસ્તારો મધુબન ડેમની કેનાલ વિતરણ વ્યવસ્થાની સરખામણીએ નોંધપાત્ર ઊંચાઈ પર આવેલા છે. પરિણામે, આ વિસ્તારનાં ખેડૂતો પરંપરાગત રીતે ઘટતા ભૂગર્ભજળ પર નિર્ભર રહ્યા છે.

**ઉંચાઈ સુંધી પાણી લઈ જવા ખાસ અભ્યાસ હાથ ધરાયો**

આ ભૌગોલિક અસમાનતાને દૂર કરવા માટે રાજ્યના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા વ્યાપક શક્યતા અને એન્જિનિયરિંગ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. સલાહકારોએ વિવિધ રૂટ વિકલ્પોનું મૂલ્યાંકન કર્યા બાદ વિકલ્પ-૩ (Alternative-3)ને શ્રેષ્ઠ રૂટ તરીકે પસંદ કર્યો હતો.

અંતિમ પાઈપલાઈન નેટવર્કમાં આશરે ૫૩ કિલોમીટર લાંબી મુખ્ય ટ્રંક લાઈન ઉપરાંત ૧૮૮ કિલોમીટરથી વધુની શાખા અને ફીડર લાઈનોનો સમાવેશ થશે. આ રૂટમાં ઊંચાઈમાં નોંધપાત્ર



તફાવતને પાર કરવાનો રહેશે, જેમાં સમુદ્ર સપાટીથી ૬૫ મીટરથી ૩૮૨ મીટર સુધીની ઊંચાઈનો સમાવેશ થાય છે.

એન્જિનિયરિંગ યોજના તબક્કાવાર પમ્પિંગ સિસ્ટમ પર આધારિત છે, જે દબાણનું કાર્યક્ષમ વિતરણ સુનિશ્ચિત કરશે અને સિસ્ટમ પર વધુ પડતું ભારણ આવતું અટકાવશે. મુખ્ય પમ્પિંગ સ્ટેશન-૧ (PS-1) મધુબન ડેમ નજીક ફતેહપુરા ગામ પાસેની સરકારી જમીન પર બનાવવામાં આવશે. અહીંથી પાણીને બે મધ્યવર્તી પમ્પિંગ સ્ટેશનો—બુરવાડ ખાતે PS-2 અને કિસ્તોનિયા નજીક PS-3—દ્વારા ઉપાડવામાં આવશે. આ સમગ્ર પમ્પિંગ સિસ્ટમની સંયુક્ત ક્ષમતા ૫૬,૪૦૦ કિલોવોટ (૭૫,૬૦૦ હોર્સપાવર) રહેશે. કપરાડા ગામ નજીક ઊંચાઈવાળા વિસ્તારોમાં વ્યૂહાત્મક રીતે બનાવવામાં આવનાર બ્રેક પ્રેશર ટેન્ક્સ (BPTs) વધારાના સ્ટેટિક હેડને ઘટાડશે અને ત્યારબાદ પાણીને શાખા નેટવર્ક મારફતે ગુરુત્વાકર્ષણના આધારે ધરમપુર તરફ વહેવા સક્ષમ બનાવશે. આ યોજના કુલ ૫૦૦ ક્યુસેક પાણીની ક્ષમતા સાથે કાર્ય કરશે. વાર્ષિક ૧૦૦ દિવસના સંચાલન સમયગાળા દરમિયાન બે નિયુક્ત ઝોનમાં ૧૫ દિવસના રોટેશનલ સપ્લાય ચક્ર મુજબ પાણીનું વિતરણ કરવામાં આવશે.

**કુલ ૪૬ ગામોને પાણીનો લાભ મળશે**

ઝોન-૧માં કપરાડા તાલુકાનાં ૨૮ ગામોનો સમાવેશ થશે અને તેની મહત્તમ પાણીની જરૂરિયાત ૩૨૦ ક્યુસેક રહેશે. જ્યારે ઝોન-૨ હેઠળ ધરમપુર અને કપરાડા તાલુકાનાં ૧૭ ગામોને ૧૮૦ ક્યુસેક પાણી ફાળવવામાં આવશે. આમ કુલ ૪૬ ગામોને આ



યોજનાનો સીધો લાભ મળશે. માત્ર ખેતર સ્તરે સીધું પાણી વિતરણ કરવાને બદલે, લિફ્ટ કરાયેલું પાણી ૨૬ ગામ તળાવો અને ૮૧ ચેકડેમોમાં છોડવામાં આવશે. આ જળસ્રોતોના એકીકરણથી ભૂગર્ભજળના રિચાર્જમાં વધારો, પાકના મહત્વપૂર્ણ વૃદ્ધિ તબક્કા દરમિયાન પાણી જાળવી રાખવાની ક્ષમતામાં સુધારો તેમજ પર્યાવરણીય નદી પ્રવાહ જાળવવામાં મદદ મળશે. આ ઉપરાંત, બારુમાલ ગામના ટેલ-એન્ડ ખાતે માન નદીમાં પાણી છોડવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. હાઈડ્રોલોજિકલ વિશ્લેષણ મુજબ, મધુબન જળાશયમાં પૂરતો જીવંત જળસંગ્રહ ઉપલબ્ધ છે અને તાજેતરના વર્ષોમાં જળાશયની ક્ષમતા સતત લગભગ ૧૦૦ ટકા રહી છે. આથી, ઘરેલુ અથવા પ્રાદેશિક પાણી ફાળવણીને અસર કર્યા વિના દર વર્ષે જરૂરી ૧૨૨.૩૩ મિલિયન ક્યુબિક મીટર (MCM) પાણી યોજનામાંથી મેળવી શકાશે તેવી અપેક્ષા છે.

આ યોજનામાં આધુનિક ઓટોમેશન અને મોનિટરિંગ સિસ્ટમ પણ સ્થાપિત કરવામાં આવશે. તેમાં રિયલ-ટાઈમ પાણીના પ્રવાહનું મોનિટરિંગ અને દબાણનું સંચાલન કરવા માટે કેન્દ્રીય સુપરવાઈઝરી કંટ્રોલ એન્ડ ડેટા એક્વિઝિશન (SCADA) સિસ્ટમનો સમાવેશ થાય છે.

# વાંકલ ડેપો પાસે ઓવરબ્રિજની કામગીરી વચ્ચે અંડર પાસથી ગ્રામજનોની નારાજગી

## પઢીયાર ફળિયા અને બારસોલ તરફ અંડરપાસ ન અપાતાં નારાજગી : ૩,૦૦૦થી વધુ વસ્તી ધરાવતા વિસ્તારના લોકોને લાંબો ચકરાવો મારવાની ભીતિ



(દમણગંગા ટાઈમ્સન પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૧ :** ધરમપુર-વલસાડ માર્ગ પર વાંકલ ગામના બસ ડેપો પાસે બની રહેલા ઓવરબ્રિજમાં પઢીયાર ફળિયા અને સામેની બાજુએ બારસોલ તરફ જવા માટે અંડરપાસની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઊઠી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, હાલમાં માત્ર ફલધરા તરફ અંડરપાસ આપવામાં આવ્યો છે, જ્યારે પઢીયાર ફળિયા અને બારસોલ તરફના માર્ગ માટે સીધી સુવિધા ન હોવાથી સ્થાનિક રહીશો અને રોજિંદા અવરજવર કરતા લોકોને ભવિષ્યમાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

પઢીયાર ફળિયા વિસ્તારમાં ૩,૦૦૦થી વધુ લોકોની વસ્તી છે. આ વિસ્તારના લોકો માટે ટીસ્કરી, ઓઝરપાડા અને વાપી તરફ જવા માટે આ માર્ગ ટૂંકો અને ઉપયોગી છે. ઉપરાંત નવીનગરી, ભાંભા, બારસોલ, કાપરીયા, દુલસાડ અને ખેરગામ તરફથી પણ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. વાંકલ ખાતે વલસાડ-ધરમપુર મુખ્ય માર્ગ અને પઢીયાર ફળિયા તથા બારસોલ તરફ જતા માર્ગનું ચાર રસ્તા જેવું જોડાણ હોવાથી આ સ્થળે યોગ્ય અંડરપાસની સુવિધા જરૂરી હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે.ગ્રામજનોના જણાવ્યા અનુસાર, સામેની બાજુએ આવેલી પ્રાથમિક શાળા નજીકથી સર્વિસ રોડનો ઉપયોગ કરીને પઢીયાર ફળિયા અથવા બારસોલ તરફ જવા માટે ૧૦૦ મીટરથી વધુ અંતર કાપવું પડી શકે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ અને રોજિંદી અવરજવર કરતા લોકોને આ વ્યવસ્થાને કારણે મુશ્કેલી પડવાની ભીતિ છે. યોગ્ય સીધો માર્ગ ન મળતાં વાહનચાલકોને વધારાનું અંતર કાપવું પડે તેમજ વિદ્યાર્થીઓની સુરક્ષાનો પ્રશ્ન પણ ઊભો થઈ શકે છે. આથી ઓવરબ્રિજની કામગીરી પૂર્ણ થાય તે પહેલાં પઢીયાર ફળિયા અને બારસોલ તરફ ફોરવ્હીલર વાહન પસાર થઈ શકે તેવો અંડરપાસ બનાવવામાં આવે તેવી ગ્રામજનોની માગ છે. હાલ વાંકલ બસ ડેપો પાસે ઓવરબ્રિજની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે માર્ગ અને મકાન વિભાગ સહિત સંબંધિત તંત્ર ગ્રામજનોની રજૂઆતને ધ્યાનમાં લઈ યોગ્ય નિર્ણય કરે અને ભવિષ્યમાં સર્જાનારી અવરજવરની મુશ્કેલી નિવારે તેવી લાગણી વ્યક્ત થઈ રહી છે.

# કોલવેરા વન કવચનું વન અને પર્યાવરણ મંત્રી દ્વારા લોકાર્પણ

## આદિવાસી લોકોએ જંગલની સંસ્કૃતિનું ખૂબ જ સારું રક્ષણ કર્યું છે તેથી જંગલ સુરક્ષિત છે : મંત્રી અર્જુન મોઢવાડિયા



(દમણગંગા ટાઈમ્સ)

**ધરમપુર, તા. ૧૧ :** સેવા સંકલ્પ અભિયાન - ૨૦૨૬ અંતર્ગત વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જીલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, કપરાડા ધારાસભ્ય જીતુભાઈ પટેલ, ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં કપરાડાના કોલવેરા ખાતે વન વિભાગ દ્વારા નિર્મિત વન કવચનું લોકાર્પણ કરી ગ્રામજનો સાથે આત્મીય લોકસંવાદ કર્યો હતો. મંત્રીએ લોકોની સમસ્યાઓ અને માંગણીઓ સાંભળી તમામનો ત્વરિત નિકાલ લાવવાની ખાતરી આપી હતી.

મંત્રી અર્જૂન મોઢવાડિયાએ લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું કે, અહીંયા આવી એક નવી જ દુનિયાનો અનુભવ થાય છે. અહીંના આદિવાસી લોકોએ જંગલની સંસ્કૃતિનું ખૂબ જ સારું રક્ષણ કર્યું છે તેથી જંગલ સુરક્ષિત છે. આ વન કવચના વિકાસથી આવનારા ભવિષ્યમાં સારા પ્રમાણમાં હરિયાળી થશે. કોલવેરાના પ્રવાસન સ્થળ તરીકે વિકાસ થવાથી સ્થાનિક લોકોને રોજગારીની તકો પણ ઊભી થશે. ભવિષ્યમાં અહીં સ્થાનિક લોકોની મંજૂરીથી રહેઠાણની સુવિધા ઊભી



કરવાનું આયોજન કરીશું. જેનાથી અહીંના લોકોનું જીવનધોરણ પણ બદલાશે. કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. વન કવચ જેવી પહેલ પર્યાવરણના સંરક્ષણ, વન વિસ્તારના સંવર્ધન અને જૈવવિવિધતાના જતન માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. વૃક્ષોનું જતન, હરિયાળીમાં વધારો અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીનું નિર્વહન એ આજના સમયની મહત્ત્વપૂર્ણ જરૂરિયાત છે. આ અવસરે વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# નાની પલસાણ ફોરેસ્ટ ચોકીની વન અને પર્યાવરણ મંત્રીએ મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ))

**કપરાડા, તા. ૧૧ :** વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ કપરાડાના તાલુકાના સરહદી ગામ નજીક આવેલી નાની પલસાણ ફોરેસ્ટ ચોકીની મુલાકાત લીધી હતી. વન સંરક્ષણ, પર્યાવરણની જાળવણી અને સરહદી વિસ્તારોમાં વન વિભાગની કામગીરીના સંદર્ભમાં આ મુલાકાત મહત્વપૂર્ણ રહી હતી.

આ મુલાકાત દરમિયાન કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, મુખ્ય વન સંરક્ષક બી. સૂચિન્દ્રા,તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ ગાવઢા, તાલુકા સંગઠન પ્રમુખ અરવિંદભાઈ કોંતી સહિત મહામંત્રીઓ, હોદ્દેદારો, કાર્યકર્તાઓ, વન વિભાગના અધિકારી - કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધરમપુરની લાયબ્રેરીમાં પુસ્તક પરિચય કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ))

**ધરમપુર તા. ૧૧ :** પુસ્તક પરિચય પરબ વલસાડ દ્વારા પુસ્તકો, સાહિત્યનો વ્યાપ વધે એ માટે પુસ્તક વાંચન,સાહિત્યના કાર્યકમોનું આયોજન પુસ્તક પરિચયના સ્થાપક ડો. આશાબેન ગોહિલ, હાર્દિક પટેલ, તથા નીલમ પટેલ(ખોબા ટ્રસ્ટ) ના સંચાલન હેઠળ કરવામાં આવે છે, જે અન્વયે પુસ્તકો પરિચય ૫૮માં મણકાનું આયોજન ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત માહારાણા નારણદેવજી લાઈબ્રેરી, ધરમપુરમાં કરવામાં આવ્યું હતું. ધરમપુર નગર અને લાઈબ્રેરી રાજવી સમયના હોય પુસ્તક પરિચયમાં રાજવીનો ઈતિહાસના પુસ્તકોમાં ગ્લોરિ ઓફ ધરમપુરનો પરિચય આ પુસ્તકના લેખક ડૉ. ચંદ્રહાસ નાયકે તથા ધરમપુરની રાજકુમારી



અને ગોંડલના રાજવી ભાગવતસિંહજીના મહારાણી નંદ કુંવરબાનાં પુસ્તક ગૌ મન્ડળ પરિક્રમ માટે વન્દનાબેન સોલંકીએ વિસ્તૃત માહિતીઓ આપી હતી. ધરમપુર નગરપાલિકાના કોર્પોરેટર સમીપભાઈ રાંચે પુસ્તક પરિચય વલસાડના સભ્યોનું શાબ્દિક શબ્દોથી સ્વાગત કર્યું હતું તથા લાઈબ્રેરીની અને સાહિત્યના કાર્યકમોની વિસ્તુત માહિતીઓ આપી અન્ય પુસ્તકોનો ડૉ. સન્ધ્યાબેન મેરિયા, દિપકભાઈ વિગેરેએ પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમમાં સુરેશભાઈ ગોહિલની વિશેષ ઉપસ્થિતિ હતી, જેઓ હાલે કસ્ટમ્સ વિભાગમાં ડેપ્યુટી કમિશનર તરીકે મુંબઈમાં કાર્યરત છે. તેમણે ભારતભૂમિના અનેક વિસ્તારો ઉપરાંત વિશ્વના વિવિધ દેશોમાં પણ સાઈકલ દ્વારા પ્રવાસ કરીને જીવનના અનેક યાદગાર અનુભવોમેળવ્યા છે તથા કૈલાસ-માનસરોવર યાત્રા. ભારત સરકાર દ્વારા આયોજિત કૈલાસ-માનસરોવર યાત્રામાં તેમણે એક સમગ્ર ટીમના લાયઝન ઓફિસર તરીકે જવાબદારી નિભાવી હતી અને આ પવિત્ર યાત્રા તથા ટ્રેકિંગ, સાયકલ પ્રવાસના પોતાના અનુભવોની વાતો કરી હતી. આ કાર્યક્રમમાં ધરમપુર નગરપાલિકા પ્રમુખ મયંકભાઈ મોદી, લાઈબ્રેરી ચેરમેન દીપમાલાબેન ચોનકર, બંધકામ સમિતિ ચેરમેન સમીપભાઈ રાંચ તથા અન્ય સભ્યો તથા ધરમપુરના રાજવી પરિવારના ગૌરવદેવજી ( મોન્ટી દાદા ), પાર્થ રાવરાણા, પહલ ટ્રસ્ટ ના ઋષિત મસરાણી, સાહિત્ય પ્રભાતના તેજસ, દેવલ રાંચ, પંકજ પટેલ, પરેશ રાવલ હાજર રહી પુસ્તક પરિચયની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં ધરમપુર વલસાડના સાહિત્ય પ્રેમીઓ બહોળી સંખ્યામાં હાજર રહિયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટીનાબેન પટેલે કર્યું હતું.

# નિલોશી શાળાના શિક્ષક સ્વ. શંકરભાઈ જાદવના પરિવારને શૈક્ષિક મહાસંઘે સાંત્વના પાઠવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૧ :** કપરાડા તાલુકાની નિલોશી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક સ્વર્ગસ્થ શંકરભાઈ જાદવના અકાળે અવસાનથી સમગ્ર શિક્ષણ જગતમાં શોકની લાગણી પ્રસરી છે. તેમના અવસાનથી પરિવારજનો પર આવી પડેલી દુઃખદ પરિસ્થિતિમાં સાંત્વના પાઠવવા માટે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી મણીભાઈ ગાવિત, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના વલસાડ જિલ્લા અધ્યક્ષ અજીતભાઈ ઠાકોર સહિત મહાસંઘની ટીમે સ્વર્ગસ્થ શંકરભાઈ જાદવના નિવાસસ્થાને રૂબરૂ મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન ઉપસ્થિત આગેવાનોએ શોકગ્રસ્ત પરિવારજનો સાથે સમય વિતાવી તેમની સાથે દુઃખની ઘડીમાં સહભાગી બની ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. પરિવારના સભ્યોને સાંત્વના પાઠવતાં તેમણે આ મુશ્કેલ સમયમાં હિંમત અને ધીરજ જાળવી રાખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સ્વર્ગસ્થ શંકરભાઈ જાદવના નિધનથી શિક્ષણ જગતે એક શિક્ષક ગુમાવ્યો છે, જ્યારે તેમના પરિવાર માટે આ ખોટ ક્યારેય ન પૂરી શકાય તેવી છે, તેવી લાગણી પણ ઉપસ્થિત સૌએ વ્યક્ત કરી હતી.

જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી મણીભાઈ ગાવિત અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના વલસાડ જિલ્લા અધ્યક્ષશ્રી અજીતભાઈ ઠાકોર સહિતના હોદ્દેદારોએ પરિવારને ખાતરી આપી હતી કે આ દુઃખદ પરિસ્થિતિમાં શિક્ષણ પરિવાર તેમની સાથે ઊભો છે. પરિવારને જરૂરિયાત મુજબ વહીવટી પ્રક્રિયાઓ અંગે માર્ગદર્શન આપવા તથા શક્ય તમામ સહાય માટે પ્રયત્નશીલ રહેવાનો વિશ્વાસ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# કપરાડામાં એનિમિયા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી અંતર્ગત કપરાડા તાલુકાના સંકલિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ.) વિભાગ અને સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, કપરાડાના સંયુક્ત ઉપક્રમે કોલેજની આશરે ૧૦૦ વિદ્યાર્થિનીઓ માટે કિશોરી આરોગ્ય, પોષણ, એનિમિયા, સિકલ સેલ અને થેલેસેમિયા અંગે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળ વિકાસ યોજના અધિકારી હસુમતી દીવા દ્વારા કિશોરી અવસ્થામાં યોગ્ય પોષણનું મહત્વ, સંતુલિત આહાર, પોષક તત્ત્વોની જરૂરિયાત, વ્યક્તિગત સ્વચ્છતા, કુપોષણ નિવારણ અને સ્વસ્થ જીવનશૈલી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે કિશોરીઓને સ્થાનિક સ્તરે ઉપલબ્ધ પૌષ્ટિક ખોરાકનો દૈનિક આહારમાં સમાવેશ કરવા તથા આરોગ્યપ્રદ આહારની ટેવો વિકસાવવા અનુરોધ કર્યો હતો.

બાળ વિકાસ યોજના અધિકારી ઉન્નતિ એન. ચૌધરી દ્વારા એનિમિયા, સિકલ સેલ એનિમિયા અને થેલેસેમિયા જેવા મહત્વપૂર્ણ રક્તવિકારો અંગે દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે એનિમિયાના કારણો, લક્ષણો, હિમોગ્લોબિન તપાસનું મહત્વ, આયર્નયુક્ત આહાર, આયર્ન-ફોલિક એસિડની પૂરક સારવાર તથા સમયસર આરોગ્ય તપાસ અંગે સમજ આપી હતી. ધનવંતરી ચેરિટેબલ ટ્રસ્ટના સંજયભાઈ પટેલે સિકલસેલ એનિમિયા અંગે વધુ માહિતી તેમજ દર્દીઓના તકલીફ અંગે ચર્ચા તેમજ જીવન પરિવર્તનમાં યોગદાન અંગે માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ જાગૃતિ કાર્યક્રમમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

Monday 12, October 2026

# દમણગંગા ટાઇમ્સ





## મોતીવાડાની સગીરાના અપહરણની ફરિયાદ નોંધાઈ

**પારડી, તા.૧૧ :** પારડી તાલુકાની એક સાગીરવયની યુવતીનું મોતીવાડા ગામના એક યુવાકે અપહરણ કર્યો હોવાની પારડી પોલીસ મથકમાં છોકરીના પિતાએ ફરિયાદ નોંધાવી છે.

પારડી તાલુકાના મોતીવાડા ગામમાં રહેતા પાર્થ પટેલ જેના પુરા નામની ખબરના હોય તેણે એક સગીર વયની છોકરીને લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી છોકરીના પિતાના કાયદેસરના વાલી પણ માંથી અપહરણ કરી હોવાની ફરિયાદ છોકરીના પિતાએ પારડી પોલીસમાં માથકમાં નોંધાવતા પારડી પોલીસે યુવક સામે ગુનો નોંધ્યો છે.

## પારનેરા ડુંગર પર પ્રથમ દિવસે દર્શનાર્થે ભક્તોની ભીડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૧૧ :** આજથી શક્તિની આરાધનાના પાવન પર્વ નવલી નવરાત્રિનો ભક્તિભાવપૂર્વક પ્રારંભ થયો છે. નવરાત્રિના પ્રથમ નોરતે વહેલી સવારથી જ વલસાડ શહેર અને જિલ્લાના પૌરાણિક માતાજીના મંદિરોમાં માઈભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી.

વલસાડ સ્થિત અતિ પૌરાણિક અંબા માતા મંદિરમાં વહેલી સવારની મંગળા આરતીથી જ ભક્તો દર્શનાર્થે કતારબદ્ધ જોવા મળ્યા હતા. આ ઉપરાંત વલસાડ જિલ્લાના ઐતિહાસિક પારનેરા ગામે ડુંગર પર બિરાજમાન માતાજીના ધાર્મિક સંકુલમાં અભૂતપૂર્વ ભક્તિમય માહોલ સર્જાયો હતો. પારનેરા ડુંગર પર બિરાજમાનમાં ચંડિકા, અંબિકા, નવદુર્ગા અને કાળિકા માતાજીના ચરણોમાં શીશ ઝુકાવવા માટે દૂર-દૂરથી હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

ભક્તોએ માતાજીને લાલ ચટક ચુંદડી, શ્રીફળ અને પૂજા-અર્ચનાની સામગ્રી અર્પણ કરી ધન્યતા અનુભવી હતી. મંદિર પરિસરો જય અંબે અને જય માતાજીના જયઘોષથી ગુંજી ઊઠ્યા હતા. પ્રથમ દિવસથી જ ભાવિકોના ભારે ધસારાને પગલે મંદિર ટ્રસ્ટ અને સ્થાનિક તંત્ર દ્વારા દર્શનાર્થીઓ માટે સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સમગ્ર પંથકમાં નવરાત્રિના આગમન સાથે જ ઉત્સાહ અને ભક્તિનો માહોલ છવાયો છે.

## પ્રથમ નોરતે બગવાડાનું પ્રાચીન મા અંબાનું મંદિર રોશનીથી ઝળહળી ઊઠ્યું

### શિવાજી મહારાજે પણ અહીં રાતવાસો કરી માતાજીની પૂજા-અર્ચના કરી હોવાની લોકવાયકા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૧ :** પારડી ના બગવાડા ગામે આવેલું આશરે ૪૫૦ વર્ષ જૂનું પૌરાણિક મા અંબાનું મંદિર શારદીય નવરાત્રિ પર્વ નિમિત્તે આકર્ષક રોશનીથી ઝળહળી ઊઠ્યું છે. સમગ્ર પંથકમાં આસ્થાનું પ્રતીક ગણાતા આ મંદિરમાં નવરાત્રિ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિક ભક્તો માતાજીનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે. નવરાત્રિના પર્વને લઈને મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ છવાયો છે.

બગવાડાના ઉપસરપંચ અને મંદિર ટ્રસ્ટી જવાહરભાઈ પાઠકના જણાવ્યા અનુસાર, બગવાડામાં આવેલું મા અંબાનું આ મંદિર આશરે ૪૫૦ વર્ષ પૌરાણિક છે. લોકવાયકા મુજબ, છત્રપતિ શિવાજી મહારાજ જ્યારે મહારાષ્ટ્રના વસઈ કિલ્લાથી સુરત તરફ પ્રયાણ કરતા હતા, ત્યારે તેમણે બગવાડા ખાતે રાતવાસો કર્યો હતો. આ દરમિયાન તેમણે માતાજીની પૂજા-અર્ચના કરી હતી અને ત્યારબાદ સુરત તરફ આગળ વધ્યા હતા. આ ઐતિહાસિક લોકવાયકા મંદિરના ધાર્મિક મહત્ત્વમાં વધારો કરે છે.

આ પૌરાણિક મંદિરની વિશેષતા એ છે કે અહીં નવરાત્રિ દરમિયાન અષ્ટમીની રાત્રે માતાજીના હવનનું આયોજન કરવામાં આવે છે, જ્યારે હવનની પૂર્ણાહુતિ નોમના દિવસે બપોરે કરવામાં આવે છે. વર્ષોથી ચાલી આવતી આ ધાર્મિક પરંપરા પ્રત્યે ભક્તોમાં વિશેષ આસ્થા જોવા મળે છે.

નવરાત્રિની અષ્ટમીના દિવસે અહીં પરંપરાગત મેળો પણ ભરાય છે. આ મેળામાં બગવાડા સહિત આસપાસના ગામો અને વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો માતાજીનાં દર્શન કરવા ઉમટી પડે છે.





## ઉમરગામના દરિયામાં ન્હાવા પડેલા ૬ બાળમિત્રોમાંથી ૧નું તણાઈ જતાં મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા. ૧૧ :** ઉમરગામ નવીનગરી સામેના દરિયાકિનારે રવિવારે બપોરે એક ઘટના બની. છ બાળમિત્રો નાહવા પડ્યા હતા, ૧૨ વર્ષના સાઈ બબલુ મિશ્રાનું ભરતીના તેજ પ્રવાહમાં તણાઈ જવાથી મોત થયું હતું. અન્ય પાંચ બાળકોને સ્થાનિક લોકોએ બચાવી લીધા હતાં. સુંદરવન વિસ્તારના છ બાળકો દરિયાકિનારે ફરવા ગયા હતા. ભરતીના સમયે તેઓ દરિયામાં નાહવા પડ્યા અને ઊંડા પાણીના પ્રવાહમાં ફસાઈ ગયા. બાળકોની બૂમો સાંભળીને આસપાસના સ્થાનિકો મદદ માટે દોડી આવ્યા.સ્થાનિકોએ પાંચ બાળકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતાં. જોકે, સાઈ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પોલીસ, ફાયર વિભાગ અને સ્થાનિક તરવૈયાઓ સ્થળ પર પહોંચ્યા. આશરે બે કલાકની શોધખોળ બાદ બોટની મદદથી સાઈનો મૃતદેહ પાણીમાંથી મળ્યો હતો.

૧૨ વર્ષના સાઈના મોતથી પરિવારમાં શોક છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટનાએ દરિયાકિનારે બાળકોની સુરક્ષા અંગે સવાલો ઉભા કર્યા છે. વાલીઓએ બાળકોને દરિયામાં નાહવા જતાં રોકવા ધ્યાન રાખવું જોઈએ.

## વાપીમાં ટેમ્પો અડફેટે ૫ વર્ષની બાળકીનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૧ :** વાપીના ડુંગરા ડુંગરી ફળિયા પાસે નાનાપોંઢા તરફ જતા રોડ પર હિટ એન્ડ રનની ગંભીર ઘટનામાં ૫ વર્ષની બાળકીનું મોત નિપજ્યું છે.

ફરિયાદી અબુતલ્લા અનિરુદ્દલા ખાન (ઉ.વ.૩૯, રહે. મકસુદભાઈની ચાલ, રૂમ નં.૩૭, ડુંગરી ફળિયા, વાપી, મૂળ યુપી) એ જણાવ્યું કે તા.૧૬/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે તેમની પત્ની તસરીન નિશા અને દીકરી ઈલ્મા ફાતીમા (ઉ.વ.૫) રોડ ક્રોસ કરતા હતા, ત્યારે આઈસર ટેમ્પો નં. DD-03-F-9263 ના ચાલક અંકુશકુમાર પ્રકાશ યાદવે પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાળકીને ટક્કર મારી હતી.

બાળકીને ડાબા હાથ અને ડાબા પગે ગંભીર ઈજા થતા તાત્કાલિક જીવનદીપ હોસ્પિટલ લઈ જવાઈ હતી. હાલત ગંભીર હોવાથી ડોક્ટરોએ વાપી હરિયા હોસ્પિટલ અને ત્યાંથી નમો હોસ્પિટલ સેલવાસ રીફર કરી હતી. જ્યાં સારવાર દરમિયાન તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ બપોરે ૩:૧૫ વાગ્યે બાળકીએ દમ તોડ્યો હતો. પોલીસે મૃતદેહનું પીએમ કરાવી પરિવારને સોંપ્યો હતો. આ અંગે વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ છે.

## વાપીના બજારમાં ફૂલોની ખરીદી માટે વહેલી સવારથી ભીડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૧ :** શારદીય નવરાત્રીના પ્રારંભ સાથે જ વાપીના બજારમાં ધાર્મિક ઉત્સાહ અને રોનક જોવા મળી હતી. નવરાત્રીના પ્રથમ દિવસે વહેલી સવારથી જ ફૂલોની ખરીદી માટે બજારમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ખાસ કરીને



પૂજા-અર્ચના અને માતાજીની આરાધના માટે ફૂલોની માગ વધતાં ફૂલોના વેપારીઓને ત્યાં ગ્રાહકોની ભીડ જોવા મળી હતી.વાપીના મુખ્ય બજારમાં આવેલ સરદાર ચોક થી જે કે શાહ ની દુકાન સુધીના મુખ્ય માર્ગની બંને બાજુ એ બહાર ગામ થી આવેલા વેપારી ઓ ગલગોટા, ગુલાબ, સેવંતી, ગુલશડી સહિત વિવિધ પ્રકારનાં ફૂલો વેચાણ માટે ઉપલબ્ધ હતાં. આ ઉપરાંત મહારાષ્ટ્ર તથા કર્ણાટકના બેંગલુરુ વિસ્તારથી લાવવામાં આવતાં આકર્ષક અને વિવિધ રંગોનાં ફૂલોએ પણ ગ્રાહકોનું ધ્યાન ખેંચ્યું હતું. રંગબેરંગી ફૂલોથી બજારમાં ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો.

નવરાત્રીના પ્રારંભે ફૂલોની માગમાં વધારો થતાં સામાન્ય દિવસોની સરખામણીએ ફૂલોના ભાવમાં પણ વધારો નોંધાયો હતો. તેમ છતાં માતાજીની પૂજા-અર્ચના અને ધાર્મિક વિધિઓ માટે ફૂલો ખરીદવા લોકો વહેલી સવારથી જ બજારમાં પહોંચ્યા હતા.

વાપીનું ફૂલ બજાર માત્ર સ્થાનિક લોકો માટે જ નહીં, પરંતુ દમણ, સેલવાસ, ઉમરગામ અને પારડી સહિત આસપાસના વિસ્તારોના લોકો માટે પણ ખરીદીનું મહત્ત્વનું કેન્દ્ર છે. નવરાત્રીના પ્રારંભે આ વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં લોકો ફૂલોની ખરીદી માટે વાપી બજારમાં આવ્યા હતા. આમ, નવરાત્રીના પ્રથમ દિવસે ફૂલોની વધેલી માગ અને ગ્રાહકોની ભીડને પગલે બજારમાં માહોલ સર્જાયો હતો.

### ગુજરાત ATS અને વલસાડ SOGનું સંયુક્ત ઓપરેશન

## વાપીથી પંજાબના મેડ સંધુ હત્યા કેસના ત્રણ વોન્ટેડને ઝડપી પાડ્યા




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૧ :** પંજાબ રાજ્યના અમૃતસર ખાતે બનેલા ચકચારી મધુ સુદાન સિંહ ઉર્ફે મેડ સંધુ મર્ડર કેસમાં સંડોવાયેલા અને નાસતા ફરતા ત્રણ વોન્ટેડ આરોપીઓને ગુજરાત એટીએસ અને વલસાડ એસ.ઓ.જી.ની ટીમે સંયુક્ત ઓપરેશન પાર પાડીને વાપી થી ઝડપી પાડ્યા છે.

પંજાબના અમૃતસર સ્થિત લોરાહકા રોડ પર કાર વોશિંગ સેન્ટર નજીક ગત તારીખ ૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ અજાણ્યા શખ્સોએ અંધાધૂંધ ફાયરિંગ કરી મધુ સુદાન સિંહ ઉર્ફે મેડ સંધુની હત્યા નીપજાવી હતી. આ ગુના સંદર્ભે અમૃતસર શહેરના કેંટોનમેન્ટ પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધાયો હતો. આ હત્યાકાંડના આરોપીઓ ગુજરાત તરફ નાસી ગયા હોવાની બાતમી સીઆઈએ પંજાબના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ગુજરાત એટીએસને આપવામાં આવી હતી. બાતમી મળતાં જ પોલીસ અધિક્ષક કે. સિદ્ધાર્થના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક હર્ષ ઉપાધ્યાય તથા પોલીસ વાયરલેસ ઈન્સ્પેક્ટર કૃપેશ પટેલની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમી ડેવલપ કરી હતી. આ તપાસ દરમિયાન આરોપીઓ વલસાડ જિલ્લાના ઔદ્યોગિક નગર વાપી ખાતે છુપાયા હોવાનું ખૂલ્યું હતું. જેથી વલસાડ એસ.ઓ.જી. પીઆઈ કે. કે. પરમાર અને તેમની ટીમ સાથે સંકલન સાધી વાપી ખાતે દરોડો પાડી ત્રણેય આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. . હરસિમરનજીત સિંહ ઉર્ફે સિમુ સિંગ્ગા પુત્ર સરબજિત સિંહ (રહે. ગામ સંગે, થાના સદર, જિલ્લો તરનતારન, પંજાબ)૨. ફતેહ સિંહ પુત્ર દિલબાગ સિંહ (રહે. ગામ સંગે, થાના સદર, જિલ્લો તરનતારન, પંજાબ)૩. અરમાન સિંહ પુત્ર સતનામ સિંહ (રહે. ગામ સંગે, થાના સદર, જિલ્લો તરનતારન, પંજાબ) ઝડપાયેલા ત્રણેય શખ્સોની પ્રાથમિક પૂછપરછમાં તેઓની આ હત્યાકાંડમાં સીધી ભૂમિકા હોવાનું અને રેકી તેમજ અન્ય બાબતોને અંજામ આપ્યો હોવાનું સ્પષ્ટ થયું હતું. ત્યારબાદ પંજાબ પોલીસની ટીમને જાણ કરવામાં આવતા, પંજાબ પોલીસની ટીમ ગુજરાત આવી પહોંચી હતી અને ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ત્રણેય આરોપીઓનો કબજો મેળવી વધુ કાયદેસરની કાર્યવાહી માટે તેઓને પંજાબ લઈ જવામાં આવ્યા છે.

### મેડ સંધુ કોણ હતો...



પંજાબના જાણીતા મેકઅપ આર્ટિસ્ટ અને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર મેડ સંધુ ઉર્ફે મધુસુદન સિંહ સાંધુની ૩ ઓક્ટોબરે અમૃતસરના લોહારકા રોડ પર બાઈક પર આવેલા બે હુમલાખોરોએ ગોળી મારી હત્યા કરી હતી.

૨૯ વર્ષીય મધુસુદન અમૃતસરના હતા અને ઈન્સ્ટાગ્રામ પર ૨.૨ લાખથી વધુ ફોલોઅર્સ ધરાવતા હતા. તેઓ Mane Lane Unisex Salon ના ફાઉન્ડર અને પંજાબી ફિલ્મ 'Oye Bhole Oye 2' માં કામ કરી ચૂક્યા હતા. તેઓ ખુલ્લેઆમ ગે હોવાનું સ્વીકારતા હતા અને ઘણીવાર હોમોફોબિક ટ્રોલિંગનો સામનો કરતા હતા. તેમનું સૂત્ર હતું - ભગવાને મને આવો જ બનાવ્યો છે.

## સરીગામ CETP પ્લાન્ટની વન-પર્યાવરણ મંત્રીએ મુલાકાત લીધી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૧ :** રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા બે દિવસીય વલસાડ જિલ્લા પ્રવાસ દરમિયાન વાપી, સરીગામ અને ઉમરગામના ઔદ્યોગિક સંગઠનો તથા અગ્રણી ઉદ્યોગપતિઓને મળ્યા હતા. ઔદ્યોગિક પ્રદૂષણના નિયંત્રણ માટે થઈ રહેલા પ્રયાસોની સમીક્ષા કરવાના હેતુથી તેમણે સરીગામ GIDC સ્થિત CETP (સામૂહિક ગંદા પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ)ની મુલાકાત લીધી હતી. વાપી, સરીગામ અને ઉમરગામ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં હજારો નાના-મોટા



ઉદ્યોગો કાર્યરત છે. ભૂતકાળમાં પ્રદૂષણના મુદ્દે ચર્ચામાં રહેલા આ ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રદૂષણ નિયંત્રણ માટે સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની અસરની સમીક્ષા મંત્રીએ કરી હતી. મુલાકાત દરમિયાન અર્જુન મોઢવાડિયાએ ઉદ્યોગો દ્વારા પ્રદૂષણ નિયંત્રણ માટે હાથ ધરાયેલા પ્રયાસોની માહિતી મેળવી જરૂરી સૂચનો આપ્યા હતા. સાથે જ આગામી સમયમાં ગ્રીન ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપવા અને જળ સંરક્ષણ માટે વધુ પ્રયાસો કરવા ઉદ્યોગકારોને ભારપૂર્વક સૂચન કર્યું હતું.

## વાપીમાં કારને ટક્કર મારી ચાલક ફરાર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૧ :** વાપી દેસાઈવાડ, પારસમણી બિલ્ડીંગ ગેટ પાસે હનુમાન મંદિર નજીક તા.૦૮/૧૦/૨૦૨૬ના રોજ બપોરે ૨:૩૪ વાગ્યે દિલીપકુમાર વસાવન શાહ (ઉ.વ.૪૭, ધંધો વેપાર) એ પોતાની કાર નં. GJ-15-CM-1853 બિલ્ડીંગ ગેટ પાસે પાર્ક કરી ઘરે જમવા ગયા હતા. ત્યારે કાર નં. GJ-15-CF-0300 ના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી તેમની કારના પાછળના અને જમણી સાઈડના ભાગે જોરદાર ટક્કર મારી નાસી ગયો હતો. વાપી ટ્રાફિક પોલીસે કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## કછોલી અંબિકા નદીમાં ડુબી જતાં યુવકનું મોત

**ગણદેવી, તા.૧૧:** કછોલી ગામના આશ્રમ ફળિયામાં રહેતા અરૂણભાઈ મગનભાઈ હળપતિ (૩૮) શનિવારે સવારે આશરે ૧૧ વાગ્યાના સુમારે અંબિકા નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા.બનાવ અંગે તાત્કાલિક જાણ કરાતાં બીલીમોરા અને ગણદેવી નગરપાલિકાના ફાયર ફાઈટરોની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગના જવાનોએ નદીના પાણીમાં ભારે શોધખોળ હાથ ધરી હતી અને આશરે એક કલાકની ભારે જહેમત બાદ યુવકનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.આ સમગ્ર બનાવ અંગે મૃતકના પરિવારજનો દ્વારા ગણદેવી પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ખેરગામના બહેજ ગામે ઘરફોડ ચોરીમાં આરોપી સાથે મુદ્દામાલ કબ્જે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૧૧ :** ખેરગામ બહેજ ગામે બંધ ઘરમાં સોનાના દાગીના તથા સોના ચાંદીના સિક્કા તેમજ રોકડા રૂપિયા મળી ૨.૮૦ લાખની મત્તાની ચોરીમાં ખેરગામ પોલીસે ચાર જેટલા ચોરોને ગણતરીના કલાકોમાં જ મુદ્દા માલ સાથે ઝડપી પાડ્યા છે.

બહેજ ઓધવરામ સીટી પ્લોટ નંબર ૯૨માં રહેતા મહેન્દ્રભાઈ બાબરભાઈ પટેલ ઉ.વ. ૫૭ જેઓ તારીખ ૨૯. ૯. ૨૬થી તા. ૭.૧૦. ૨૬ સુધી પ્રવાસે ગયા હતા. દરમિયાન કોઈ ચોર ઈસમોએ બંધ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના તથા સોના-ચાંદીના સિક્કા તેમજ રોકડા રૂપિયા મળી કુલ રૂપિયા ૨.૮૦ લાખની મત્તાની ચોરી થઈ હોવાની ફરિયાદ ગુરૂવારે મહેન્દ્રભાઈ પટેલે ખેરગામ પોલીસ મથકે નોંધાવી હતી જેની ખેરગામ પોલીસે તપાસ હાથ ધરતા પોલીસે બાતમીદારો રોકી તપાસ હાથ ધરતા ચાર જેટલા આરોપીઓને દબોચી લીધા હતાં જેમની પાસેથી રોકડા રૂપિયા ૩,૪૦૦ રોકડ અને દાગીના મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. પકડાયેલ આરોપીઓમાં મેહુલ રાજેશ પટેલ, રીન્કેશ પ્રવીણ પટેલ, ઈલેશ નટુ પટેલ તમામ રહે. બહેજ તળાવ ફળિયા હિતેશ મોહન પટેલ રહે. બહેજ નિશાળ ફળીયા આ તમામ આરોપીઓને ખેરગામ પોલીસે પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**ચીખલી મેઈન બજારમાં**

**બેંક/ શો-રૂમ લાયક દુકાન ગોડાઉન તેમજ રેસીડન્સી સાથેની મિલ્કત વેચાણથી આપવાની છે.**

**ચીખલી કોન્ટેક્ટ:9825179017**

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

**Mo. No. 9825190301 /**

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

**Email : neminathtradersvapi@gmail.com**

**CBSE AFFILIATED - 430373**

**RAJHANS EDUCATION TRUST'S**

**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary

SPECIAL OFFERS

% Early Bird Discount
Till 31st March



FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees

Additional Curriculum features

1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW

School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**